વિશ્વવિહાર

વર્ષ : 27 * અંક : 6 * માર્ચ 2025 * કિં. ₹ 15

વિશ્વકોશનું આગામી પ્રકાશન

શ્રી ચિંતન ભટ્ટલિખિત

‘પૃથ્વીથી અંતરિક્ષ ભણી’

શ્રી ચંદ્રકાન્ત શેઠની સ્મૃતિમાં યોજાયેલા સારસ્વતવંદના (સ્મરણ, સર્જન અને કાવ્યસંગીત) કાર્યક્રમમાં કવિ ચંદ્રકાન્ત શેઠનાં તમામ કાવ્યોનો સંગ્રહ 'પૂર્ણ દર્શિત' ગ્રંથનું વિમોચન કરતા મંચસ્થ મહાનુભાવો

'પ્રવાસ, લેખન અને દરિયાપારનું જીવન' વિશે પ્રીતિ સેનગુપ્તા

આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

હજી લાંબો પંથ કાપવાનો બાકી છે !

ચાતક પક્ષી જેમ સ્વાતિ નક્ષત્રના વરસાદની પ્રતીક્ષા કરે તેમ આપણા દેશમાં અનેક લોકો કેન્દ્રીય બજેટની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૫ના દિવસે ભારતનાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરીને સતત આઠ બજેટો રજૂ કરવાનો વિક્રમ રચ્યો. બજેટ અમને ફાયદો કરાવશે? અમને રાહત આપશે ? તેનાથી મોંઘવારી ઘટશે ? રોજગારી વધશે ? એવી અનેક અપેક્ષાઓ નાગરિકો રાખતા હોય છે.

આ વર્ષે લોકસભામાં પ્રસ્તુત થયેલું બજેટ ચીલાચાલુ તો નથી જ, પણ એક આગવી ભાત પાડનારું છે, એક નવી કેડી કંડારે છે. ભારતના બજેટનું કદ દર વર્ષે વધતું જાય છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે રજૂ થયેલા બજેટમાં એક અંદાજ મુજબ રૂ. ૩૪.૨ લાખ કરોડની મહેસૂલી આવક અને ૧૬.૪ લાખ કરોડની મૂડીની (કૅપિટલ) આવક સાથે કુલ આવક રૂ. ૫૦.૬ લાખ કરોડની થશે. ગત વર્ષે આ આંકડો રૂ. ૪૭.૨ લાખ કરોડનો હતો. વર્ષ ૨૦૨૫-૨૬ માટે મહેસૂલી ખર્ચ માટે રૂ. ૩૯.૪ લાખ કરોડ અને મૂડીખાતાનો ખર્ચ રૂ. ૧૫.૫ લાખ કરોડ એમ કુલ ખર્ચ રૂ. ૫૪.૯ લાખ કરોડ અંદાજવામાં આવ્યો છે. મહેસૂલી ખાધ રૂ. ૫.૨ લાખ કરોડ અને મૂડીખાતાની પુરાંત રૂ. ૧.૧ લાખ કરોડ દર્શાવવામાં આવી છે.

કુલ રાષ્ટ્રીય આવકના પ્રમાણમાં નાણાકીય વર્ષમાં કુલ નાણાકીય ખાધ ૯.૮ ટકા હતી, તે પાંચ વર્ષમાં ઘટીને હવે ૪.૪ ટકા રહેવાની સંભાવના છે. વૈશ્વિક મંદીના આ કપરા સમયમાં ભારત સરકારે ઊંચો વિકાસદર જાળવી રાખવાનો છે અને ખાધનું પ્રમાણ નિયંત્રિત કરીને મોંઘવારીનું નિયંત્રણ કરવાનું છે.

બજેટના વિશ્લેષણમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે આવકમાં કોનું કેટલું પ્રદાન છે ? ખર્ચમાં કયા કયા દરે કેટલી રકમ વપરાશે ? આ અંદાજો તપાસીએ તો વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં આવકનો સૌથી મોટો હિસ્સો ૨૪ ટકા રકમ તો સરકારે દેવું કરીને મેળવવાની છે. આના કારણે લગભગ રૂપિયા ૧૨.૫ લાખ કરોડનું દેવું વધશે. જાહેર દેવું આગામી વર્ષે ૨૦૦ લાખ કરોડને પાર કરી જાય તેવી સંભાવના છે. આવકનો બીજો મહત્ત્વનો સ્રોત છે આવકવેરો. જેનું ટકાવારીની દૃષ્ટિએ પ્રમાણ છે ૨૨ ટકા. લગભગ રૂ. ૧૧ લાખ કરોડથી વધારેની રકમ સરેરાશ નાગરિક પરનો સીધા કરવેરાનો બોજો દર્શાવે છે. ત્રીજું મહત્ત્વનું સાધન જી. એસ. ટી. છે. તમામ આડકતરા વેરાઓ એકત્રિત કરી ‘એક રાષ્ટ્ર - એક કર’ના સૂત્ર સાથે ૨૦૧૭થી જી.એસ.ટી. લાગુ થયેલ છે. જી.એસ.ટી.ની આવક કુલ આવકના ૧૮ ટકા જેટલી અંદાજવામાં આવી છે. કંપનીઓના નફા પરના કરનું પ્રદાન ૧૭ ટકા જેટલું છે, જેની રકમ રૂ. ૮.૫ લાખ

કરોડની અંદાજી શકાય. આવકવેરા અને કૉર્પોરેટ ટૅક્સ બંનેની આવક રૂ. ૨૦ લાખ કરોડ જેટલી થાય છે. સીધા કરવેરાનો બોજ ધનિકો પર હોય તે સમજી શકાય, પણ મધ્યમવર્ગ માટે આડકતરા વેરા ભર્યા બાદ જે બચત રહેવી જોઈએ તે આવકવેરામાં ખેંચાઈ જાય તો મધ્યમવર્ગ પરિવાર માટે ભવિષ્ય અંધકારમય બને. ઘણાં વર્ષો પછી આ બજેટમાં આ મુદ્દે ધ્યાન અપાયું છે તે આનંદની વાત છે. ઉત્પાદન પરનું જી.એસ.ટી.નું શુલ્ક અગાઉ સરકાર માટે ખૂબ મહત્ત્વનું હતું. આ જ રીતે આયાતી માલસામાન પરની કસ્ટમડ્યૂટી દ્વારા ૪ ટકા જેટલી જ આવક થવાનો અંદાજ છે. ભારતમાં કસ્ટમડ્યૂટી ખૂબ વધારે છે તેવા અમેરિકાના પ્રમુખ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના આક્ષેપો અમુક મર્યાદિત ચીજો પરની ટેરિફ પર આધારિત છે. ચીન સાથેના વેપારમાં આપણે ૧૦૦ અબજ યુ. એસ. ડૉલર જેટલી વ્યાપારી ખાધ ભોગવવી પડે છે. આ ઘટાડવા માટે અને વસ્તુઓનું ઉત્પાદન ઘરઆંગણે થાય, તે માટે જે આક્રમક નીતિ અપનાવવી જોઈએ તેનો અભાવ છે. બજેટની ૧૦ ટકા જેટલી આવક ભાડું, વ્યાજ, ડિવિડન્ડ વગેરેમાંથી થાય છે. જાહેરક્ષેત્રના એકમો અને જાહેર બૅન્કોમાં સારો નફો થાય તે માટે ભારત સરકાર પગલાં લેવા આતુર છે. કમનસીબે અમુક જાહેરક્ષેત્રના એકમો સ્થાપનાસમયથી જ સતત ખોટથી સરકારી મૂડીનું ધોવાણ કરી રહ્યા છે.

આવકના વિશ્લેષણની જેમ ખર્ચનું પૃથક્કરણ કરીએ તો સૌથી વધારે ખર્ચ - ૨૨ ટકા જેટલો - રાજ્યોને નાણાપંચની ભલામણો પ્રમાણે ભાગ આપવામાં જાય છે. જી.એસ.ટી.માં તો કેન્દ્ર અને રાજ્યોનો હિસ્સો ૫૦ - ૫૦ ટકાનો છે. આવકવેરા, કૉર્પોરેટ ટૅક્સ, કસ્ટમ અને એક્સાઇઝ ડ્યૂટીમાંથી રકમની ફાળવણી કરતાં અગિયાર લાખ કરોડ જેટલી રકમ કેન્દ્રના બજેટમાંથી રાજ્યોના બજેટમાં તબદીલ થાય છે.

અનુક્રમ

હજી લાંબો પંથ કાપવાનો બાકી છે	૩	પ્રવીણ ક. લહેરી
નારીના ત્રિવિધ શક્તિવિશેષ	૮	કુમારપાળ દેસાઈ
ઑનલાઈન શૉપિંગમાં કરાતી છેતરપિંડી- ડાર્ક પૅટર્ન !	૧૧	હર્ષ મેસવાણિયા
સર્જન-આનંદ અને અનુભવ	૧૪	ધીરુબહેન પટેલ
સ્પેનની મહાનગરી છત્રી	૨૦	હેમંત વાળા
વ્યાયામશાળાના મુખ્યમહેમાનપદે...	૨૩	રતિલાલ બોરીસાગર
મારું જીવન અંજલિ થાજો !	૨૬	પ્રીતિ શાહ
એક નૂર આદમી, હજાર નૂર કપડાં	૨૮	ચિંતન ભટ્ટ
એકમેવ એકલિંગજી મંદિર	૩૧	સુધા ભટ્ટ
વિશ્વકોશવૃત્ત	૩૩	–

ત્યારબાદ ખર્ચની બીજી મહત્ત્વની બાબત છે કેન્દ્રીય યોજનાઓ. બંધારણ પ્રમાણે રાજ્યને ફાળવાયેલા વિષયો જેવા કે કૃષિ, પશુપાલન, મત્સ્યઉદ્યોગ, ડેરી, પાણી, આવાસ, સહકાર, રોજગારી, સમાજકલ્યાણ માટે કેન્દ્ર સરકારની અનેક યોજનાઓનો અમલ સીધો કે રાજ્ય સરકાર મારફત થાય છે. ભારત સરકારની અનેક યોજનાઓનો અમલ સંબંધિત ક્ષેત્રમાં પરિવર્તનની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. કરવેરામાં રાજ્યના હિસ્સા ઉપરાંત સ્વચ્છતા, પર્યાવરણ, સૂર્યઊર્જા જેવાં અનેક મહત્ત્વનાં ક્ષેત્રોમાં નાણાપંચની ભલામણો મુજબ કેન્દ્ર રાજ્ય સરકારોને જે રકમ આપે છે તેનો હિસ્સો કુલ ખર્ચના ૮ ટકા જેટલો છે. કુલ ખર્ચના ૪ ટકા જેટલી રકમ કેન્દ્ર સરકારના નિવૃત્ત કર્મચારીઓના પેન્શન માટે ચૂકવાય છે. સરકારી અધિકારી - કર્મચારી, સાંસદો, જજો વગેરેનાં પગાર-ભથ્થાં, સવલતો અને વહીવટ માટે કુલ ખર્ચની રકમના ૮ ટકા જેટલી રકમ ખર્ચ થાય છે.

છેલ્લું પણ ખૂબ મહત્ત્વનું ખર્ચનું પાસું એ છે કે ૨૦ ટકા રકમ લોન ભરપાઈ કરવામાં અને વ્યાજની ચુકવણીમાં થાય છે. કુલ રૂ. ૫૪.૯ લાખ કરોડના ખર્ચમાંથી રૂ. ૧૧ લાખ કરોડ તો દેવાંની ચુકવણી તથા વ્યાજમાં વપરાઈ જાય છે. ઉપરોક્ત રીતે ખર્ચનું વિશ્લેષણ કરવા ઉપરાંત વિવિધ ક્ષેત્રો માટે બજેટમાં શું જોગવાઈઓ થઈ છે તે તપાસવાથી સરકારની અગ્રતાનો ખ્યાલ આવે છે. સાથે સાથે જે ક્ષેત્રોમાં વિકાસને વેગ આપવાનો છે તેની કાળજી થઈ છે કે ઉપેક્ષા તેનો પણ અંદાજ આવે છે.

વિવિધ ક્ષેત્રોની ફાળવણીની રકમ વિચારણામાં લેતાં આપણને જણાય છે કે ભારત સરકાર કયા ક્ષેત્ર માટે કેટલું પ્રોત્સાહન આપે છે. સૌથી પ્રથમ સંરક્ષણ માટે રૂ. ૪.૯૧ લાખ કરોડ અને આંતરિક સુરક્ષા માટે રૂ. ૨.૩૩ લાખ કરોડ મળી કુલ ફાળવણી રૂ. ૭.૨૪ લાખ કરોડની છે. પાકિસ્તાન અને ચીન જેવા પાડોશી દેશોનું વલણ જોતાં આપણે આ બંને ક્ષેત્રોને ઘણાં વધારે મજબૂત કરવાં જરૂરી છે. લશ્કરોનાં સાધન-સરંજામમાં નિતનવી ટૅક્નૉલૉજીના કારણે વિમાનો, નૌકાઓ અને લશ્કરને ઉત્તમ ગુણવત્તાવાળાં હથિયારો ઉપલબ્ધ કરાવવાં અનિવાર્ય છે. છેલ્લાં દસ વર્ષમાં મોદી સરકારે સંરક્ષણ ઉત્પાદનમાં સ્વાવલંબી બનવાના લક્ષ્યાંક સાથે ભારતીય કારખાનામાં ઉત્પાદન થયેલાં શસ્ત્રોની નિકાસ શક્ય બનાવી છે. કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે અનુક્રમે રૂ. ૨.૭૧ લાખ કરોડ અને ૨.૬૭ લાખ કરોડની ફાળવણી થઈ છે. આપણા દેશમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચે આવક, રોજગારી વગેરેમાં સમાનતા લાવવા માટે આપણે ઘનિષ્ઠ કામગીરી કરવી જોઈએ. ચીને ગ્રામીણ ઔદ્યોગિક વસાહતો દ્વારા અનેક વસ્તુઓનું જંગી ઉત્પાદન કરી નિકાસ દ્વારા આર્થિક વિકાસ ખૂબ ઝડપી બનાવ્યો છે. આપણા દેશમાં ઝડપથી વધી રહેલા શહેરીકરણના કારણે પ્રદૂષણ, વાહનવ્યવહાર, કચરાનો નિકાલ, રસ્તાઓ, વીજવ્યવસ્થા, પીવાનું પાણી અને અન્ય અનેક બાબતો માટે ખૂબ મોટું મૂડીરોકાણ અનિવાર્ય છે. કેન્દ્રીય ફાળવણીએ આ ક્ષેત્રમાં

અનેક શહેરોને ખૂબ મદદ કરી છે. પરંતુ હવે શહેરીકરણને રોકીને ગ્રામીણ કક્ષાએ ટકાઉ વિકાસ થાય તો તે અનેક રીતે લાભદાયી નીવડી શકે.

શહેરી વિકાસ અને ગ્રામીણ વિકાસ વચ્ચે વધતું અંતર ચિંતાનો વિષય છે તે સ્વીકારવામાં નાણામંત્રીએ સંકોચ અનુભવ્યો છે. શિક્ષણ માટે રૂ. ૧.૨૯ લાખ કરોડ અને આરોગ્યક્ષેત્ર માટે રૂ. ૦.૯૮૩ લાખ કરોડની જોગવાઈ ૧૪૫ કરોડની વસ્તીના દેશ માટે ખૂબ જ અપર્યાપ્ત છે. ૧૯૯૦ના ઉદારીકરણ બાદ સરકારે ક્રમશઃ ખાનગી ક્ષેત્રને શિક્ષણ/આરોગ્યક્ષેત્રમાં મૂડીરોકાણ કરી જંગી કમાણી માટેનો પરવાનો આપી દીધો છે. સરકાર જરૂરિયાતમંદો, વંચિતો, દલિત અને આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપે છે; પરંતુ અનેક અર્થશાસ્ત્રીઓ અને જાહેર વહીવટના જાણકારોનો અભિપ્રાય છે કે સમાજના તમામ વર્ગને પરવડે તે રીતે શૈક્ષણિક અને આરોગ્યલક્ષી સુવિધાઓ સૌને સમાન ધોરણે ઉપલબ્ધ હોવી જોઈએ. માનવવિકાસ સૂચકાંકની સ્થિતિ જોતાં શિક્ષણ-આરોગ્યક્ષેત્રે સરકારે અગ્રતા આપી ખર્ચ વધારવાની આવશ્યકતા છે. સમાજકલ્યાણ માટે રૂ. ૦.૬ લાખ કરોડની ફાળવણીમાં વધારો કરવો જરૂરી છે. ભારતને આધુનિક રીતે વિકસિત રાજ્ય બનાવવા માટે ઇન્ફર્મેશન-ટેલિકોમક્ષેત્ર માટે રૂ. ૦.૯૫ લાખ કરોડ, વૈજ્ઞાનિક સંશોધન માટે રૂ. ૦.૫૫૬ લાખ કરોડ, ઊર્જા માટે રૂ. ૦.૮૧ લાખ કરોડની ફાળવણી થઈ છે. આ ક્ષેત્રોનું મહત્ત્વ જોતાં આપણે આ ક્ષેત્રે મૂડીરોકાણ વધારવાની તાતી જરૂરિયાત છે. આ વર્ષે આંતરમાળખાકીય સુવિધા માટે મૂડી ખાતે રૂ. ૧૧ લાખ કરોડની જોગવાઈ છે. આમાંથી રૂ. ૨.૪૦ લાખ કરોડ રેલવેના વિસ્તાર અને આધુનિકીકરણ માટે છે. સુવિધાઓના નિર્માણ દ્વારા જ આપણે વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવી શકીશું. કૃષિક્ષેત્રે તેલીબિયાં, કઠોળ અને રૂના ઉત્પાદનમાં વધારો કરવા નવી યોજનાઓ અમલમાં આવશે. કિસાનોને મળતું ધિરાણ વધે અને તેના ઉત્પાદનના ભાવો પણ પોષણક્ષમ હોય તે માટે સરકારે બજેટના માધ્યમથી હૈયાધારણ આપી છે.

દેશની પ્રગતિ માટે અર્થતંત્રને સુદૃઢ કરવામાં બજેટની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. ગ્રામીણ વિસ્તારમાં વિકેન્દ્રિત ધોરણે ચર્મઉદ્યોગ, રમકડાંના ઉત્પાદન અને ફૂડ પ્રોસેસિંગ એકમોને પ્રોત્સાહન આપવાની યોજના બજેટમાં સમાવાય છે. ઉદ્યોગમાં મૂડીરોકાણ કેમ વધે અને ભારત વિવિધ વસ્તુઓના ઉત્પાદનમાં આગળ વધે તે માટે અને નવા ઔદ્યોગિક સાહસિકોને મદદરૂપ થવા માટે હૈયાધારણ આપવામાં આવી છે. ખાસ કરીને સૂક્ષ્મ (માઇક્રો) ઉદ્યોગના મૂડીરોકાણની મર્યાદા હાલ ૧ કરોડ છે તે હવે રૂ. ૨.૫ કરોડની કરવામાં આવી છે. આવી જ રીતે લઘુઉદ્યોગના મૂડીરોકાણની મર્યાદા રૂ. ૧ કરોડ છે તે વધારીને રૂ. ૨૫ કરોડ કરી છે. મધ્યમ કદના ઔદ્યોગિક એકમમાં મૂડીરોકાણની મર્યાદા રૂ. ૫૦ કરોડ હતી તે વધારીને ૧૨૫ કરોડની કરવામાં આવી છે. આ જ રીતે આ ત્રણ કૅટેગરીમાં ટર્નઓવરની મર્યાદા બમણી કરવામાં આવી છે. ભારતના ઔદ્યોગિક ઉત્પાદનમાં અને નિકાસમાં માઇક્રો, સ્મોલ અને મધ્યમ કદના એકમોની પ્રમુખ ભૂમિકા રહી છે.

બજેટના લક્ષ્યાંકો અંગે સ્પષ્ટતા કરતાં નાણામંત્રીશ્રીએ ૧. વિકાસદર વધારવો, ૨. સર્વસમાવેશ કરી તે વિકાસ કરવો, ૩. મધ્યમવર્ગના લોકોની ખરીદશક્તિમાં વધારો કરવો, ૪. મૂડીરોકાણને પ્રોત્સાહન આપવું અને ૫. નિકાસમાં ઝડપી વૃદ્ધિ માટે પ્રયત્નો કરવા. વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટની સમગ્ર જોગવાઈઓનો અભ્યાસ કરીએ તો જણાય છે કે મોદી સરકારે આ ધ્યેયો હાંસલ કરવા માટે સંનિષ્ઠ પ્રયત્ન કર્યા છે.

૧. સંરક્ષણની સલામતી : રાજ્યની પાયાની ફરજો છે તેમાં સંરક્ષણ અને સલામતી મુખ્ય છે. બજેટની નાણાકીય ફાળવણીમાં વધારો કરી સરહદોએ શાંતિ અને પાડોશી દેશોના નાગરિકોની ઘૂસણખોરી અટકાવવી જરૂરી છે. ચીનની લશ્કરી તાકાત સામે મુકાબલો કરી શકાય તે કક્ષાએ સજ્જ થવા માટે આપણે હજી લાંબો પંથ કાપવાનો બાકી છે.

૨. બેરોજગારી : સૌથી વિશાળ વસ્તી ધરાવતા અને સૌથી વધુ યુવા વસ્તીની શક્તિનો યોગ્ય ઉપયોગ થઈ શકે તે માટે આપણે કૌશલ્યનિર્માણ, આંતરમાળખાકીય સુવિધા, આયાતી માલની જગ્યાએ સ્વદેશી નિર્માણ માટે હાલની નીતિઓ અને યોજનાઓમાં ધરખમ સુધારા કરવાની તક બજેટ ચૂકી ગયું છે.

૩. ગરીબી : ઉદારીકરણ બાદ ભારતની પ્રજાને આર્થિક વિકાસનાં ફળો ચાખવા મળ્યાં છે પણ દેશની ૨૦થી ૨૫ ટકા વસ્તી હજી ગરીબીમાં જીવે છે. સરકારે ગરીબીનિવારણ માટે અનેક યોજના બનાવી છે, પરંતુ ગરીબીનાબૂદી માટે ફરી અંત્યોદયના ધોરણે વધારે વ્યાપક અને અસરકારક અમલીકરણ જરૂરી છે.

૪. જાહેર દેવાનો બોજ : છેલ્લાં દસેક વર્ષમાં સરકાર વિકાસકાર્યો માટે મોટા પાયે લોન લે છે. આગામી નાણાકીય વર્ષના અંતે રૂ. ૨૦૦ લાખ કરોડનું જાહેર દેવું થવાની સંભાવના જોતાં દેવું ઘટાડવા માટે આગામી વર્ષોમાં સચોટ રણનીતિ બનાવવી આવશ્યક છે.

૫. પર્યાવરણની જાળવણી : દેશમાં આબોહવામાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે ત્યારે પ્રદૂષણનિવારણ માટે સરકાર અને પ્રજાએ પ્રતિબદ્ધતા સાથે કામ કરવું જોઈશે. વાહનવ્યવહાર, ઊર્જા-ઉત્પાદન અને પ્લાસ્ટિક-વપરાશ માટે આપણે આકરી શિસ્ત અને ઉગ્ર સંયમ પાળવાં અનિવાર્ય છે.

ભારત સરકારે આવકવેરામાં આ વર્ષે રૂ. ૧ લાખ કરોડની જંગી છૂટ આપી. કુલ આવકની સામે આ રકમ માત્ર ૨ ટકા છે. તેની હકારાત્મક અસરો રૂ. ૪૫ હજાર કરોડની વૃદ્ધિ બૅન્ક ડિપૉઝિટમાં થશે. વપરાશની વસ્તુઓના વેચાણમાં રૂ. ૪૦થી ૫૦ હજાર કરોડનો વધારો થશે. જી.એસ.ટી.માં રૂ. ૬ હજાર કરોડની આવક વધશે. હવેના ભવિષ્યમાં બજેટમાં કરકસર, દેવામાં ઘટાડો, કરના દરમાં ક્રમશઃ ઘટાડો અને મોંઘવારીના નિયંત્રણ પર ધ્યાન આપવું જરૂરી બન્યું છે. ૨૦૨૫-૨૬નું વર્ષ આપણને વિકસિત ભારતના માર્ગે એક ડગલું આગળ લઈ જાય છે. આપણે હજી લાંબો પંથ કાપવાનો છે.

પ્રવીણ ક. લહેરી

નારીના ત્રિવિધ શક્તિવિશેષ

૧૯૩૦ની ૧૨મી માર્ચે વહેલી સવારના ૬-૧૦ મિનિટે મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમના હૃદયકુંજથી દાંડીકૂચનો પ્રારંભ કર્યો. આ સમયે એમની સાથે કુલ એક્યાસી સૈનિકો હતા. એમાં ગુજરાતના બાર, સંયુક્ત પ્રાંતના સાત, કચ્છના છ, મહારાષ્ટ્રના ત્રણ - એમ દેશનાં જુદાં જુદાં રાજ્યના સૈનિકો ઉપરાંત બાર જેટલા યુનિવર્સિટીના સ્નાતકોને પણ સામેલ કર્યા હતા. બ્રિટિશ સરકાર સામે કૂચ કરનારા આ એક્યાસી યાત્રિકોમાં એક પણ સ્ત્રી નહોતી ! આનું કારણ શું ? મહાત્મા ગાંધીએ તો ગરબે ઘૂમતી ગુજરાતણને અંગ્રેજ સૈનિકોની બંદૂકો સામે હિંમતભેર ઊભાં રહેતાં શીખવ્યું હતું. તો પછી એમણે શા માટે દાંડીકૂચમાં સ્ત્રીઓને સામેલ કરી નહીં ? આનું કારણ એ હતું કે ગાંધીજીના અંતરમાંથી એવો અવાજ આવ્યો હતો કે મીઠાના કાયદા તોડવા કરતાં સ્ત્રીઓને માટે વધુ મોટાં કામો કરવાનું નિર્માયું છે અને હકીકતે મહાત્મા ગાંધીએ એક અત્યંત કપરી કામગીરી મહિલાઓને સોંપી.

ગાંધીજીએ દારૂ અને વિદેશી કાપડની દુકાનો સામે પિકેટિંગ કરવાનું શરૂ કર્યું. આ કામ પુરુષોને સોંપ્યું અને તે થોડે અંશે સફળ થયું, પરંતુ આવી રીતે પિકેટિંગ કરવા જતાં દારૂડિયાઓ કે દુકાનદારો સાથે અથડામણમાં આવવાનું બનતું અને ક્યાંક હિંસાના બનાવો પણ થતા. આથી ગાંધીજીએ પુરુષોને બદલે સ્ત્રીઓને દારૂના પીઠાની સામે અને વિલાયતી કાપડની દુકાન આગળ પિકેટિંગ કરવાનું અઘરું કામ સોંપ્યું. પુરુષો જેમાં પૂર્ણ અંશે સફળ થયા નહોતા, તે કામમાં સ્ત્રીઓ સફળ થશે એવી એમને પ્રતીતિ હતી. કારણ એટલું જ કે આમાં કોઈ બળજબરી નહોતી. કોઈનાય પર કશો જોરજુલમ કરવાનો નહોતો, પરંતુ પ્રેમભરી સમજાવટથી હૃદયપરિવર્તન કરવાનું હતું. ગાંધીજીએ વિચાર્યું કે સ્ત્રીના કરતાં હૃદયને વધારે અસરકારક અપીલ બીજું કોણ કરી શકે ?

પુરુષ અને સ્ત્રીની સમાનતાના આ યુગમાં સ્ત્રીઓ પાસે ત્રણ વિશેષ બાબતો છે. એમાં સૌથી પહેલી બાબત છે - આકાશ જેટલી વિશાળ કરુણા અને એ કરુણાને સહારે કાઠી કોમની સ્ત્રી સતી તોરલ સાવજ સમા લૂંટારા જેસલને સાચે માર્ગે વાળી શકે છે. એ કરુણાને સહારે જ મેડમ ક્યુરી માનવજાતને ઉપકારક એવાં સંશોધનોમાં રાતદિવસ વ્યતીત કરે છે. પોતાના આ કામમાં મેડમ ક્યુરીએ ગરીબી અને ફનાગીરી સ્વીકારી લીધી હતી. એણે ક્યારેય બ્રેડ પર બટર લગાવીને ખાધું નહોતું. ભયંકર ટાઢમાં થરથરતી હોય, તેમ છતાં ગરમ વસ્ત્રો પહેર્યાં નહોતાં. પોતાની શોધથી માનવીઓને જીવન બક્ષવા ચાહતી મેડમ ક્યુરીને ખ્યાલ નહોતો કે જિંદગીમાં લક્ષ્મી કેવો આરામ આપી શકે છે. ફ્લોરેન્સ નાઈટિંગલ અનેક દર્દીઓની માતા બની હતી.

એક વાર મધર ટેરેસા કૉલકાતાની શેરીઓમાંથી પસાર થતાં હતાં. એક મેદાનમાં આજુબાજુ કચરાઓના ઢગલેઢગલા ખડકાયેલા હતા. મધર ટેરેસા ચાલતાં ચાલતાં

એકાએક થંભી ગયાં અને બોલ્યાં, 'મને આ કચરાના ગંજની પાછળ કોઈ અવાજ સંભળાય છે.' એમની સાથે ચાલતા એમના સહયોગીઓમાંથી કોઈને આવો અવાજ સંભળાયો નહોતો. સહુ ઊભા રહ્યા. કાન સરવા કર્યા, તો થોડી થોડી વારે એક ઊંહકારો સંભળાતો હતો. એ તરફ તપાસ કરતાં ખબર પડી કે કોઈ સ્ત્રી આ મેદાન પરના કચરાના ઢગલાઓ વચ્ચે કણસી રહી છે. મધર ટેરેસા અને એમના સાથીઓ એ રક્તપિત્તથી સડી ગયેલા શરીરવાળી વૃદ્ધાને સંભાળથી ઊંચકી આશ્રમમાં લાવ્યા. મધર ટેરેસાએ માતાની સંભાળથી એના શરીરને સાફ કર્યું અને એ વૃદ્ધાએ તૂટક અવાજે કહ્યું,

માયરેડ કોરિગન મેગ્વાયરે

'મારા દીકરાએ મને હાંકી કાઢી છે. મારી આવી દુર્દશા કરી છે, હું એને કદી માફ નહીં કરું.'

ધીરે ધીરે મધર ટેરેસાએ તેને સમજાવી. એના પુત્રને બોલાવવામાં આવ્યો. માતાની દુર્દશા જોઈને દીકરો ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો. મધર ટેરેસાએ પેલી વૃદ્ધાને કહ્યું કે, 'તારા દીકરાને પશ્ચાત્તાપ થાય છે. તું એને ક્ષમા કરી દે.' તે સ્ત્રીએ પુત્રને ક્ષમા આપી અને થોડી જ વારમાં અંતિમ શ્વાસ લીધો.

આવી કરુણા અશક્યને શક્ય કરે છે અને એ કામ કિરણ બેદીએ ભારતના સૌથી ખૂંખાર ગુનાખોર અને હત્યારા કેદીઓથી ભરેલી તિહાર જેલનો કાર્યભાર સંભાળ્યો પછી કરી બતાવ્યું. વળી તિહાર જેલની દશા તો એવી હતી કે પચીસસો કેદીઓ સમાવી શકાય, તેવી જગામાં નવેક હજાર ખૂંખાર કેદીઓને ઠાંસી ઠાંસીને ભરી દેવામાં આવ્યા હતા.

આવે સમયે કિરણ બેદીએ એક નવો વિચાર આપ્યો અને તે એ કે જેલ એ સજાનું સ્થાન નથી, પરંતુ સુધારવાનું સ્થળ છે. કેદીઓના જીવનને યાતના આપીને રહેંસી નાખવાની જગ્યા નથી, પરંતુ ગુનેગારોને માટે જીવનપરિવર્તન સાધવાની જગ્યા છે. કિરણ બેદીએ કેદખાનાને આશ્રમમાં પરિવર્તિત કરી નાખ્યું. કેદીઓની ગુનાખોરી દૂર કરી એમને સર્જનાત્મક પ્રવૃત્તિ તરફ વાળ્યા. જેલમાં ફરિયાદપેટી મૂકી અને વ્યસનમુક્તિકેન્દ્રથી માંડીને ધ્યાનકેન્દ્ર સુધીનું આયોજન કર્યું. આ રીતે સ્ત્રીમાં હૃદયપરિવર્તન સાધતી શક્તિ વિશેષ છે.

નારીની કરુણામાંથી પ્રગટતી શક્તિને કારણે સ્ત્રીઓમાં વિશિષ્ટ અહિંસક તાકાત છે. ભારતની વિભૂતિઓને અહિંસા અને પર્યાવરણના પહેલા પાઠ એમની માતા પાસેથી શીખવા મળ્યા છે. અત્યંત નાની વયે શ્રીમદ્ રાજચંદ્રમાં જગતના તમામ જીવો

પ્રત્યે મૈત્રીની ભાવના જાગી હતી. પોતાની માતા દેવબાઈ પાસેથી મેળવેલા સંસ્કારોએ એમનામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવ પ્રત્યે અનોખી સંવેદના જગાડી હતી. એમની કરુણાનું વિશ્વ એટલું વિશાળ હતું કે જે જીવો માનવીય નજરથી અદૃશ્ય છે, તેને માટે પણ એમનું હૃદય અનુકંપા અનુભવતું હતું. શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાં જે અહિંસા પ્રગટ થઈ તેનો એક કાર્યવિશેષ મહાત્મા ગાંધીની પ્રવૃત્તિઓમાં જોવા મળ્યો. મહાત્મા ગાંધીએ એક સ્થળે કહ્યું છે કે, 'પુરુષ અહિંસાધર્મ બુદ્ધિથી સમજે છે અને સ્ત્રીઓ અહિંસા પીને જ જન્મી હોય છે.' આમ જગતને અહિંસાના પાઠ શીખવવાની સૌથી વધુ ક્ષમતા સ્ત્રીઓમાં છે.

૧૯મી સદીમાં માનવસંહારક શસ્ત્રોની આંધળી સ્પર્ધા શરૂ થઈ. મહાસત્તાઓ વધુ ને વધુ સંહારક શસ્ત્રો સર્જીને સત્તાખોરીનો કેફ અનુભવતી હતી. આ પરિસ્થિતિ જોઈને ઑસ્ટ્રિયાની કાઉન્ટેસ બર્થા કીનસ્કાય અત્યંત વ્યથિત બની ગઈ. એણે વિચાર કર્યો કે આ શસ્ત્રો એ તો ભસ્માસુર જેવાં છે જે આખી માનવજાતને એની આગમાં બાળીને ભસ્મ કરી દેશે. બર્થાએ ઑસ્ટ્રિયામાં શાંતિ માટેનો અવાજ બુલંદ કર્યો. એણે કહ્યું કે શસ્ત્રોની આ હોડ માનવજાતને આત્મહત્યાના માર્ગે લઈ જશે. એણે ઑસ્ટ્રિયા અને જર્મનીમાં શાંતિ-આંદોલનની શરૂઆત કરી; એટલું જ નહીં, પણ રોમ અને બોર્નમાં 'પીસ કૉંગ્રેસ' બોલાવીને શસ્ત્રદોટમાં ડૂબેલા જગતને થોભી જવા પડકાર કર્યો. બર્થાએ 'લે-ડાઉન યોર આર્મ્સ' અર્થાત્ 'તમારાં હથિયાર હેઠાં મૂકો' નામની નવલકથા લખી અને જગતને એણે હિંસાના તાંડવ સામે જાગૃત કરવા કોશિશ કરી. ઉત્તર આયર્લૅન્ડમાં કોરિગન માયરેડે લશ્કરી મોટર બેકાબૂ બનતાં મૃત્યુ પામેલાં ત્રણ બાળકો માટે અવાજ ઉઠાવ્યો. એ સમયે લશ્કરી હિલચાલ અંગે કોઈ પણ પ્રતિક્રિયા આપનારની હત્યા થતી હતી, ત્યારે માયરેડ કોરિગન મેગ્વાયરે હિંસક હત્યારાઓ સામે અહિંસક કૂચ કરી. ઉત્તર આયર્લૅન્ડમાં શાંતિની ચળવળ શરૂ થઈ અને ધીરે ધીરે યુદ્ધની સામે શાંતિનો અવાજ સહુને સંભળાવા લાગ્યો. ૧૯૭૬માં માયરેડ કોરિગન મેગ્વાયરેને નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું.

સમાજ-સંસ્થા ભલે પિતૃપ્રધાન હોય, પરંતુ દરેક સમાજનાં જીવનમૂલ્યો માતૃપ્રધાન હશે. જે દેશમાંથી માતાની ગરિમાનો ભાવ ચાલ્યો જાય, તે દેશની સમગ્ર સંસ્કૃતિનું પતન થાય. કુટુંબ, સમાજ અને રાષ્ટ્રનો પાયો સ્ત્રીઓ પાસેથી મળતાં મૂલ્યો છે. આજે આ મહાન મૂલ્યો દ્રાવણપાત્રમાં આવીને ઠર્યાં છે, ત્યારે માનવજાતને ટકાવનારી અને મહેકાવનારી મૂલ્યનિષ્ઠા જો કોઈ જાળવી શકે તેમ હોય તો તે સ્ત્રીઓ છે. ઇતિહાસ આનાં અનેક ઉદાહરણોથી ભરેલો છે. દરેક સંસ્કૃતિ એનાં મૂલ્યો પર આધારિત છે. ભારતીય સંસ્કૃતિ એ તો વિશ્વસંસ્કૃતિની પ્રાચીન અને જીવંત સંસ્કૃતિ છે. તેની પાછળનું મુખ્ય પરિબળ નારીજીવનની મૂલ્યનિષ્ઠા હતી.

વર્તમાન વિશ્વમાં મહિલાસમાજ દ્વારા કરુણા, અહિંસા અને મૂલ્યનિષ્ઠા વધુ પ્રગટ થાય એ જ આજના સમયની તાતી જરૂરિયાત છે.

- કુમારપાળ દેસાઈ

ટેક્નોલોજી

ઓનલાઇન શોપિંગમાં કરાતી છેતરપિંડી - ડાર્ક પેટર્ન

આ ડાર્ક પૅટર્ન કેવી રીતે કામ કરે છે તે એક ઉદાહરણથી સમજીએ - ૮૦ હજારનો ફોન ૪૦ હજારમાં મળશે એવી લોભામણી જાહેરાત કરવામાં આવે છે. જૂનો ફોન બાયબૅકમાં આપવાનો એક વિકલ્પ (ઑપ્શન) હોય છે. એના નિયમોમાં હોય છે કે જૂના ફોનના વીસ હજાર સુધી બાદ મળશે. શરતો વાંચીએ ત્યારે સમજાય કે ફોનમાં કોઈ સ્ક્રેચિસ ન હોવા જોઈએ. ફોનનું બિલ-બૉક્સ-ચાર્જર હોવું જોઈએ. કૅમેરો બરાબર ચાલતો હોવો જોઈએ. ડિસ્પ્લે બદલાવેલી ન હોવી જોઈએ. આવી શરતો હોય, તો ૨૦ હજાર સુધી ડિસ્કાઉન્ટ મળે પણ હકીકતમાં એ ૨૦ હજાર મળી જ જાય એવું હોતું નથી. એના બે હજાર પણ મળે ને ૧૨ હજાર પણ મળે - એ ફોનની હાલત પર નિર્ભર છે.

ધારો કે ૨૦ હજાર બાદ થાય તોય આપવાના રહ્યા ૬૦ હજાર. જો આપણી પાસે ચોક્કસ બૅન્કનું ક્રેડિટ કાર્ડ હોય, તો પાંચ-આઠ હજાર બીજા બાદ થાય. ફેસ્ટિવલ ચાલતો હોય તો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ્સના ત્રણ-ચાર હજાર વધુ બાદ મળે. સ્પેશિયલ ઑફરમાં બીજા બે-ત્રણ હજાર નીકળે. બધું મળીને ૮૦ હજારનો ફોન ૪૫ હજારની આસપાસમાં પડે. કોઈ સ્પેશિયલ ડિસ્કાઉન્ટ હોય તો જૂજ કિસ્સામાં થોડાક ખરીદનારને એ ફોન ૪૦ હજારમાં પડે.

ગ્રાહકોને લોભાવવાની આ પદ્ધતિને ડાર્ક પૅટર્ન કહેવાય. એમાં વધુમાં વધુ ફાયદો બતાવીને ગ્રાહકોને એ પ્રોડક્ટ લેવા પ્રેરવામાં આવે છે. જેટલો ફાયદો ખરેખર બતાવાતો હોય, એ તો માત્ર બે-પાંચ કે પચીસ ગ્રાહકોને જ મળતો હોય છે, પરંતુ એના નામે બીજા સેંકડો ગ્રાહકો એ પ્રોડક્ટની વિઝિટ કરે છે. એ લેવા પ્રેરાય છે. અત્યારે નહીં તો પછી એના વિશલિસ્ટમાં એ પ્રોડક્ટને મૂકે છે.

૨૦૧૦માં હેરી બ્રિગનલ નામના યૂઝર એક્સપિરિયન્સ ડિઝાઇનરે પહેલી વખત આ ઑનલાઇન પૅટર્ન પારખી હતી. યૂઝર એક્સપિરિયન્સ ડિઝાઇન એટલે ગ્રાહકોના અનુભવ અને ફીડબૅકના આધારે પ્રોડક્ટમાં જે ફેરફાર થાય તેના પર કામ કરતો કર્મચારી. હેરી બ્રિગનલ એ પ્રકારનું કામ કરતો હતો. હેરીને ગ્રાહકો સાથેના સંપર્ક દરમિયાન આ નૅગેટિવ પૅટર્ન ધ્યાનમાં આવી. લોકો ફરિયાદ કરતા હતા કે તેમની સાથે અલગ રીતે છેતરપિંડી થઈ છે. પહેલાં તેમણે જે કિંમત અને પ્રોડક્ટ જોઈ હતી એ બરાબર હતી, પણ પાછળથી એ જ પ્રોડક્ટ કે સર્વિસની વધુ કિંમત વસૂલવામાં આવી.

તપાસ કરતાં અને આખી પૅટર્ન સમજતાં હેરીને સમજાયું કે આ એક પ્રકારની માયાજાળ છે, જે કંપનીઓ વિવિધ લોભામણી જાહેરાતોના નામે ગ્રાહકો સમક્ષ બિછાવે છે. હેરીએ તેની કાળી બાજુને ધ્યાનમાં રાખીને નામ આપ્યું - ડાર્ક પૅટર્ન. ધારો કે પહેલાં મૂવી ટિકિટનો ભાવ ૨૦૦ રૂપિયા બતાવે. આપણને એ ભાવ યોગ્ય લાગે એટલે

ટિકિટનું બુકિંગ શરૂ કરીએ. બે ટિકિટ બુક કરીને જ્યારે પેમેન્ટ કરવા સુધી પહોંચીએ, ત્યારે ભાવ ૪૦૦ને બદલે ૫૫૭ થઈ ગયો હોય. ટિકિટના ભાવની સાથે જે તે પ્લૅટફૉર્મ ઇન્ટરનેટ ચાર્જથી લઈને પ્લૅટફૉર્મ ચાર્જ સુધીના કેટલાય નામે વધારે રકમ ઉમેરી દીધી હોય. આને ડાર્ક પૅટર્ન કહેવાય.

ડાર્ક પૅટર્નની વ્યાખ્યા ઘણી વ્યાપક છે. અમુક ચીજ સ્પેશિયલ ડિસ્કાઉન્ટ સાથે ખરીદો એવો ઑનલાઇન જાહેરાતનો મારો ચાલે એટલે આપણે એ પ્લૅટફૉર્મ કે એપ્સ પર જઈએ. ત્યાં ડિસ્કાઉન્ટ ચાલતું હોય ખરું, પણ આપણને ગમે એવી કોઈ પ્રોડક્ટ્સ એ ડિસ્કાઉન્ટ કિંમતે ન મળે. એના બદલે થોડો વધારે ખર્ચ કરવાની તૈયારી હોય તો કંઈક થોડી ઘણી ગમે એવી પ્રોડક્ટ મળી જાય. ૫૦ ટકા સુધી કે ૭૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ મળશે એવી જાહેરાત માત્ર ગ્રાહકોને લોભાવવા માટે હોય છે. ઈ-કૉમર્સ પ્લૅટફૉર્મ પર પહોંચીએ ત્યારે વાસ્તવિકતા જુદી હોય. આ પણ ડાર્ક પૅટર્ન છે.

ઑનલાઇન બુક કરીએ ત્યારે શરૂઆતમાં ભાવ ઓછા બતાવે. પછી બે-ચાર વખત સર્ચ કરીએ કે ભાવમાં તોતિંગ વધારો થતો જાય. જેમ કે પહેલી વખત દિલ્હીથી બૅંગાલુરુ કે અમદાવાદથી દિલ્હીની ફ્લાઇટ સર્ચ કરો ત્યારે બહુ જ રિઝનેબલ ભાવ દેખાય. ત્યારે બુક કરી લીધી હોય તો ટિકિટ વાજબી ભાવે મળી જાય. એ સમયે એક-બે બીજા વિકલ્પ તપાસવા માટે ટિકિટ બુક કરી ન હોય ને પછી બે-ચાર વખત સર્ચ કરીએ કે ઍરફેર બમણું થઈ જાય. જેમ જેમ સર્ચ કરીએ, એમ ભાવ વધતો જાય. બધી બુકિંગ એપ્સમાં લગભગ એકસરખો ભાવ થઈ જાય. શરૂઆતમાં એકાદ એપ્સમાં ઓછા ભાવ હોય, ત્યાં પણ કિંમત બમણી કે ત્રણ ગણી થઈ જાય. આ ડાર્ક પૅટર્ન છે. યૂઝર્સના સર્ચનું પગેરું મેળવીને બુકિંગ એપ્સ ભાવ વધારી નાખે તેનેય ડાર્ક પૅટર્ન જ કહેવાય.

પંદર વર્ષ પહેલાં આ પૅટર્ન જે રીતે કામ કરતી હતી, એનાથી અનેકગણી વધુ ઝડપે અત્યારે કાર્યરત છે. જેમ જેમ ઈ-કૉમર્સ અને સોશિયલ કૉમર્સનો ટ્રેન્ડ શરૂ થયો, તેમ આ શબ્દ વધારે પ્રસ્તુત બનતો ગયો. ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી આ પૅટર્ન આપણને ખબર પણ ન પડે એ રીતે બજારભાવ કરતાં વધુ કિંમત વસૂલી લે છે. ગ્લોબલ ઑનલાઇન સ્ટડીમાં જણાયું કે ડાર્ક પૅટર્નનો સૌથી વધુ શિકાર ટીનેજર્સ બને છે. ઑનલાઇન શૉપિંગ કે બુકિંગ કરતાં ૭૮ ટકા ટીનેજર્સ ડાર્ક પૅટર્નનો ભોગ બને છે અને તેમને તો ખબર પણ નથી હોતી. ટીનેજર્સને આકર્ષે એવી પ્રોડક્ટમાં આ પ્રકારનું ગતકડું કરવામાં આવે છે. એમાં જાહેરાતો જ એવી બતાવવામાં આવે છે કે ટીનેજર્સ તેને ખરીદવા ઉત્સુક બને છે. પેમેન્ટની પ્રોસેસ સુધી પહોંચે ત્યારે ભાવમાં વધારો ઝીંકાયો હોય, પરંતુ પૉકેટ મની કે પૅરેન્ટ્સના ક્રેડિટ-ડેબિટ કાર્ડમાંથી શૉપિંગ કરતાં ટીનેજર્સ

બહુ ક્રૉસ ચેક કરતાં નથી. પ્રોડક્ટમાં દેખાતી રકમમાં જે ઉમેરો થયો હોય એ કેમ થયો એ વિચાર્યા વગર ટીનેજર્સ ઑર્ડર આપી દે છે. ટીનેજર્સની લાઇફસ્ટાઇલ અને તેમની બેફિકરાઈનો કંપનીઓને ફાયદો મળે છે.

એડવર્ટાઇઝિંગ સ્ટાન્ડર્ડ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના લેટેસ્ટ અહેવાલ પ્રમાણે સર્વેક્ષણમાં ધ્યાનમાં લેવાયેલી ત્રેપનમાંથી બાવન એપમાં ડાર્ક પૅટર્નથી ગ્રાહકોને લોભાવવામાં આવે છે. દરેક એપમાં સરેરાશ ૨.૭ ટકા ડાર્ક પૅટર્ન જોવા મળી હતી. એક નહીં, તો બીજા પ્રકારે આ બધી એપ્સ ગ્રાહકોને આકર્ષવા માટે ડાર્ક પૅટર્ન પ્રયોજે છે. કેબ બુકિંગ, હેલ્થ, ટૅક્નૉલૉજી, મૂવી બુકિંગ, ટિકિટ બુકિંગ જેવાં નવ સેક્ટરમાં આ પ્રકારની ડાર્ક પૅટર્ન કામ કરતી હોવાનો સર્વેના અહેવાલમાં દાવો થયો હતો.

યુરોપિયન સંઘે છેક ૨૦૧૬માં આ ડાર્ક પૅટર્નને ઓળખીને એવું કરતી કંપનીઓ સામે કાર્યવાહી કરી હતી. હવે તો ભારત સહિત ઘણા દેશોમાં આવી ચાલાકી કરતી કંપનીઓ પર નજર રાખતી એજન્સીઓ કાર્યરત છે, તેમ છતાં ડિસ્કાઉન્ટ કે એવા કોઈ નામે ઑનલાઇન શૉપિંગમાં ડાર્ક પૅટર્નનો ઉપયોગ થતો જોવા મળે છે. આ પૅટર્ન સામે એક નહીં, તો બીજી રીતે પગલાં ભરવામાં આવે ત્યાં સુધીમાં તો એણે નવો ઉપાય શોધી લીધો હોય છે, પરિણામે ડાર્ક પૅટર્ન પર સંપૂર્ણ અંકુશ મેળવવાનું લગભગ અશક્ય છે. સાવધાની રાખવાથી જ એની માયાજાળમાંથી આપણે બચી શકીએ.

- હર્ષ મેસવાણિયા

'વિશ્વવિહાર'ની માહિતી અંગે નિવેદન (ફૉર્મ ૪)

૧.	પ્રસિદ્ધિસ્થાન	: અમદાવાદ
૨.	પ્રસિદ્ધિનો ગાળો	: માસિક
૩-૪.	પ્રકાશક-મુદ્રક	: કુમારપાળ દેસાઈ (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી)
	રાષ્ટ્રીયતા	: ભારતીય
	સરનામું	: ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩
૫.	તંત્રી	: કુમારપાળ દેસાઈ
	રાષ્ટ્રીયતા	: ભારતીય
	સરનામું	: ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩
૬.	માલિકનું નામ-સરનામું	: ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩

૧ માર્ચ, ૨૦૨૫ **કુમારપાળ દેસાઈ (પ્રકાશક)**

વિશ્વકોશભવનમાં આપેલું વ્યાખ્યાન

સર્જન-આનંદ અને અનુભવ

મૂળ મુદ્દે તો આપણે એ વિચારવું પડશે કે સર્જન એટલે શું ? સાચું સર્જન તો આ સૃષ્ટિનું અને તે આપણી સીમિત દૃષ્ટિ ન સમજી શકે કે ન તેનો પાર પામી શકે. આ સૃષ્ટિ સ્વયંભૂ છે કે તેનો કોઈ સર્જનહાર છે - તે પણ આપણે જાણતાં નથી અને નાહકના એ વિશેના વિવાદના વમળમાં ફસાયાં છીએ, પરંતુ આપણી પંચેન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે આપણું મન નક્કી કરે છે કે આપણી આસપાસ એક સૃષ્ટિ છે અને એને જોનાર-જાણનાર-ભોગવનાર આપણે પણ છીએ. આ જ્ઞાન સત્ય હોય કે મિથ્યા, પરંતુ એને આધારે જ આપણો બધો જીવનવ્યવહાર ચાલે છે અને અહો આશ્ચર્યમ્ ! આપણે સૌ જાણતાં કે અજાણતાં એ અનામી સર્જનહારને પગલે જ ચાલીએ છીએ. જે કંઈ સામગ્રી પ્રાપ્ત થાય તેને આપણી કલ્પના મુજબ મેળવી, મઠારી, મચડીએ છીએ અને એનો એક નવો ઘાટ ઘડીને સંતોષ પામીએ છીએ. મૂળ સૃષ્ટિનાં નબળાં ને અપૂર્ણ આવર્તનો તે આપણી મર્ત્યોની સર્જનલીલા છે.

પરંતુ એ કાઢી નાખવા જેવી નથી. એનાથી આપણે શરમાવાનું કોઈ કારણ નથી, કારણ કે એ પ્રવૃત્તિ પાછળ પણ દોરીસંચાર કોઈકનો જ છે. ‘કેનાપિ દેવેન હૃદિસ્થિતેન યથા નિયુક્તોસ્મિ તથા કરોમિ.’ જોકે એક પળ એવી આવે છે જ્યારે દોરી અને તેનું સંચાલન કરનાર હાથને સંપૂર્ણતયા ભૂલી જઈને આપણે સંતોષથી મલકાઈએ છીએ, ચણાના ઝાડ પર ચડીને બાંગ પોકારીએ છીએ, ‘જુઓ ! જુઓ ! મેં આ કર્યું - કેવું અદ્‌ભુત છે મારું સર્જન !’

દુનિયા એ વાત સાંભળે છે. કોઈક વાર આપણને કીર્તિધ્વજના ફફડાટમાં ખોવાઈ જવાની સગવડ કરી આપે છે તો કોઈ વાર અવગણનાના હિમમાં થિજાવે છે કે વળી અવહેલનાના તાપમાં શેકે છે. આ બધા અનુભવો બહુ કામના છે. એ થકી આપણા ચારિત્ર્યનું ઘડતર થાય છે અને અંતર્મુખ થવાની પ્રેરણા મળે છે. કોઈક સુભગ પળે આપણને સમજાય છે કે આપણે જેને આપણા કર્તૃત્વનું ફળ માનતા હતા તે ખરું જોતાં અનેક જ્ઞાત અને અજ્ઞાત પરિબળોના સંયોગનું પરિણામ છે. તેની વાહ વાહ થાય કે તેના પર ફિટકાર વરસે એની સાથે આપણને કશી જ લેવાદેવા નથી. પછી એક મોકળાશ વરતાય છે, એક નિષ્કારણ આનંદની અનુભૂતિ થાય છે, જે સમજાવવી જરા મુશ્કેલ છે.

ચાલો, આજની આ રળિયામણી સાંજે આથી વિશેષ તત્ત્વચર્ચા કરવાનું કશું કારણ નથી. આપણે મૂળ વિષય તરફ વળીએ. આપણી માનવસંસ્કૃતિનો વિચાર કરીએ તો શિલ્પસ્થાપત્ય સંગીત, નૃત્ય, નાટ્ય, સાહિત્ય - એ બધાં ક્ષેત્રે જે નવતર ઘડતર થાય તેને જ સર્જન લેખવું ? રેતીમાં મહેલ બનાવનાર, ઘરઆંગણે રંગોળી પૂરનાર,

ફૂલપાંદડાંનું તોરણ બનાવનાર કે ફૂલદાની સજાવનાર બાળકોનું શું ? અરે, સોયદોરાથી જે રમણીય આકૃતિઓ સરજાય છે એનું તો નામ જ બંગાળીમાં સૂચિશિલ્પ છે. વિજ્ઞાન અને ઉદ્યોગક્ષેત્રે નૂતન આવિષ્કાર થાય તેને શું કહીશું ? કૃષિવિદ્યામાં મૌલિક પ્રતિભાને કારણે જે પ્રગતિ થઈ છે તેના તરફ આંખમીંચામણાં

કરી શકાશે ? આપણા દેશમાં થોડા વખત પહેલાં પચાસે પહોંચેલા વૃદ્ધોની માંદગી કે મરણને કોઈ ગંભીરતાથી લેતું નહોતું. પાકું પાન તો ખરે જ ને ! એવાં સુવાક્યો સાંભળવા મળતાં હતાં. આજે જીવનતંતુ લંબાયો છે. રુગ્ણાવસ્થા આગળ હાથ જોડીને બેસી રહેવાને બદલે માનવદેહને નિરામય બનાવવાનો પડકાર તબીબોએ ઝીલ્યો છે. એ બધા પાછળ કશુંક નવું કરવાની - સર્જવાની મહેચ્છા દૃષ્ટિગોચર નથી થતી ? ટૂંકમાં કહું તો સર્જનની વાત કરતી વેળાએ લેખકોએ ખાંડ ખાવાની કશી જરૂર નથી. ચારે બાજુ કોઈ ને કોઈ પ્રકારે સર્જન ચાલ્યા જ કરતું હોય છે. માટે ચાલો, આપણે લોકોત્તર છીએ કે સર્જનની એક વિશિષ્ટ પ્રતિભા લઈને જન્મ્યા છીએ એવો ફાંકો છોડી દઈને શાંતિથી તપાસીએ કે આપણું સર્જન કેવી રીતે થાય છે. તેમાંયે સર્વજ્ઞતાનો દાવો હું કેવી રીતે કરી શકું ? મારે તો મારી જ વાત કરવી જોઈએ. બીજા લેખકોના મનોવ્યાપારની મને ક્યાંથી ખબર પડે ?

મારું પોતાનું તો એવું છે કે સૌથી પહેલાં એક વિચાર આવે. એની સાથે થોડી વાર રમત કરીને હું એને આઘો ધકેલી કાઢું. જો એનામાં જોર હોય તો એ પાછો આવે. વળી એનાં ડાળાંપાંખડાં નીકળે. આકર્ષણ વધે. એમ કરતાં કરતાં એ વિચાર મારા મગજનો એવો કબજો લઈ લે કે બીજું કંઈ સૂઝવા જ ન દે. મારે સમજી જવાનું કે આનો તો લખ્યે જ પાર. તોયે કંઈ સીધી કાગળ હાથમાં ન પકડું. એનો ઘાટઘૂટ ઘડાવો જોઈએ. વાત માણસોની જ હોય એટલે એમનાં પાછાં નામ, ઉંમર, આકૃતિ, સ્વભાવ, કામકાજ - બધું મનમાં બેસવું જોઈએ. એ શું કરે, શું બોલે તે મને દેખાવું જોઈએ, સંભળાવું જોઈએ. વાર્તા હોય કે નાટક હોય, નવલકથા હોય - એની શરૂઆત અને અંત સ્પષ્ટ દેખાવાં જોઈએ.

આટલું કામકાજ કર્યા પછી બધું ઊંચું મૂકી દેવાનું. અભરાઈ પર ચડાવી દેવાનું. થોડા વખત પછી ફરી કનડગત શરૂ થાય એટલે જખ મારીને કાગળ ને કલમ પકડવાનાં. ત્યાર લગીમાં મનમાં બધું તૈયાર જ હોય એટલે ઊંધું ઘાલીને શ્રુતલેખનની જેમ લખવા માંડવાનું. વચ્ચે અટકવાનુંયે નહીં, બદલવાનુંયે નહીં...બસ, જેટલાં પાનાંમાં પૂરું કરવા ધાર્યું હોય તેટલાં જ પાનાં લઈને બેસવાનું અને એટલાંમાં જ પતાવી દેવાનું. આંગળીઓ દુખે, પણ થાક ન લાગે-મઝા આવે. લખીને તરત વાંચવાનું પણ નહીં. કશેક સંતાડી દેવાનું. બીજાંત્રીજાં કામકાજ કરવાનાં. મોઢું ધોવાનું, પાણી પીવાનું -

લખવા-વાંચવા સિવાયનું કંઈ પણ કરવાનું. પછી આરામથી પેલાં પાનાં કાઢીને તટસ્થ ભાવે વાંચવાનાં. ઠીક લાગે તો કોઈ તંત્રીને માથે મારવાનાં, નહીંતર ફાડીને ફેંકી દેવાનાં - વાત પૂરી. લો, આ બધું સાંભળ્યાથી કંઈ પત્તો લાગ્યો કે સર્જન એટલે શું ? ન લાગ્યો ને ? ન જ લાગે. કારણ કે આ બધી બહુ સ્થૂળ બાબતો થઈ. ખરી કીમતી ક્ષણ તે પેલા ચમકારની, જ્યારે ચિત્તમાં કંઈ સૂઝે, તે અમૂર્ત કલ્પનાને નીચે કઈ રીતે આણવી ? શબ્દોની ઈમારતમાં કઈ રીતે કેદ કરવી ? આ બધી પ્રક્રિયા એટલી ત્વરિત અને અગમ્ય હોય છે કે લેખક પોતે જ તે માંડ સમજી શકે. સમજાવી શકવાની તો વાત જ ક્યાં ?

બાકીની વાત છે સાધનની, ઓજારોની. તમારી પાસે ભાષાએ પોતાનું હૃદય ખોલ્યું હોય, પોતાનો તમામ વૈભવ તમારી આંખો સામે પાથરી દીધો હોય, સામે પક્ષે તમે પણ ભાષાને ખરા દિલથી ચાહી હોય તો તમારું કામ થોડું આસાન થઈ જાય. આ જગ્યાએ મારે આ જ શબ્દ જોઈએ, તેનો સમાનાર્થી બીજો નહીં ચાલે એવું લેખક પાસે કોણ નક્કી કરાવે છે ? ઝવેરી જેમ રત્નોને પારખી જાણે તેમ લેખકને શબ્દની સ્વયંસ્ફૂર્ત પરખ હોવી જોઈએ. ‘હું જે કહેવા માગું છું તે સામા માણસ લગી પહોંચાડનાર કોણ છે ? શબ્દ, માત્ર શબ્દ. તે સાચો હોવો જ જોઈએ. નિર્વિવાદપણે સાચો. તો જ વાચકના મનને તે સ્પર્શે અને મારો સંદેશ હળવેકથી તેના કાનમાં કહી આવે.

બીજી એક વાત. લેખકો ક્યારેક ભેગા મળીને વાચક સંવેદનશીલ નથી અને કદર નથી કરી શકતા એવો બળાપો કરે છે ત્યારે હું એમની સાથે સંમત નથી થઈ શકતી. તમારા શબ્દમાં સામર્થ્ય હોય તો તે વાચકની ઉદાસીનતા વીંધ્યા વગર રહે જ નહીં. તમારા મનનો પ્રકાશ છેવટમાં છેવટ મંદ અજવાળું બનીને એના હૃદયમાં રેલાય જ. એવું ન બને તો તમારી તપશ્ચર્યા અધૂરી, તમારી નિષ્ઠા કાચી. કોઈ વાર એવું બને કે તમે ખોટા બજારમાં પેસી જાઓ અને તમારા માલનો કોઈ લેવાલ ન મળે તેવે વખતે નિરાશ કે નાસીપાસ થયા વગર માત્ર એક જ સાચો વાચક મળે તોયે ભયોભયો એવી વૃત્તિ રાખવી જોઈએ.

કારણ કે સર્જનની ઉત્તમ ક્ષણ વીતી ગયા પછી આપણા નસીબે ઘણા ઢસરડા કરવાના રહે છે. જે માલ પેદા થયો તેને ઊંચામાં ઊંચી કિંમતે શી રીતે વેચવો જેથી વધારેમાં વધારે લોકો પાસે પહોંચે, વિવેચકોને કેવી રીતે રીઝવવા અને માન-અકરામ મેળવવાં, કેવી બાજી ગોઠવવી એ બધી દુનિયાદારીની રીતરસમ શીખવી અને અપનાવવી પડે છે. પરિણામે મળતી સફળતામાં રાચવું એમાં પણ તમારું નુકસાન છે અને નિષ્ફળતાથી જન્મતી કટુતા મનમાં વ્યાપવા દેવી એમાં પણ તમારું નુકસાન છે. કયું નુકસાન વધારે મોટું તે નક્કી કરવું મુશ્કેલ છે. અલબત્ત, આ બધું સર્જકને માટે છે, લેખનને એક ધંધા તરીકે અપનાવનાર પ્રામાણિક વ્યક્તિને માટે નહીં. એણે તો પોતાનો ધંધો સારી રીતે સફળતાથી કરવાનો છે. એ દુન્યવી બાબતોનો માહેર હોવો જોઈએ અને નિર્લેપ હોવાનું નાટક એણે ન જ કરવું જોઈએ. કોને ખબર છે, પોતાની જાત પ્રત્યે વફાદાર રહીને સચ્ચાઈથી મહેનત કરે તો સર્જનની રોમેરોમ આનંદથી છલકાવી દેનારી ક્ષણો એના જીવનમાં અનાયાસે ઊતરી આવે પણ ખરી. આ બધું ગણતરીની બહાર છે.

મને પ્રવચન માટે આપવામાં આવેલા શીર્ષકથી તમે બધા માહિતગાર છો – 'સર્જન - આનંદ અને અનુભવ'. સર્જન વિશે તો મેં આમતેમ બાથોડિયાં મારીને થોડુંઘણું કહ્યું, એ પૂર્ણ ન લાગે તો માફ કરજો. ચાંદનીથી ચળકતા પણ ધૂમસઘેર્યા પંથ પર તમારાથી થોડાંક ડગલાં આગળ ચાલતો પ્રવાસી તમને કેટલું કહી શકે ? મેં એટલું જ કહેવાનો પ્રયાસ કર્યો છે - એ સાંભળ્યાથી તમે વિચાર કરવા પ્રેરાઓ અને તમને કશીક નક્કર બાબત જડી આવે તો ઉદાર ભાવે મને પણ કહેજો. હું તમારો આભાર માનીશ.

બાકી રહી વાત આનંદની. એ પણ બે અવસ્થામાં વહેંચાયેલો છે. એક છે સૂક્ષ્મ આનંદ, જે અનુભવી શકાય પણ વર્ણવી ન શકાય. પતંગિયું પકડવા દોડાદોડ કરી મૂકતા બાળકને ખભે પતંગિયું પોતાની મેળે જ ઊતરી આવીને ક્ષણવાર બેસી જાય છે ત્યારે શું થાય છે ? મારી જ, આ તો મારી એકની જ - એવી પ્રતીતિ કરાવતી કલ્પના આપમેળે શબ્દોના પિંજરમાં પુરાવા તૈયાર થાય છે ત્યારે કેવો અનહદ આનંદ થાય છે ! પરંતુ તે કોને, શી રીતે સમજાવવો ? સમજાવવાની જરૂરેય શી છે ? બસ, મનના એકાંતમાં જ માણવો અને સંસાર પાછો ઘેરી વળે ત્યારે ભૂલી જવો એવી જ છે એની નિયતિ. પરંતુ ફૂલ વીણીને દેવચરણે ધરી દીધા પછી હથેળીમાં સુવાસ વળગી રહે છે તેમ આનંદની એ ક્ષણની સ્મૃતિ આપણી પાસે રહે છે. એ જ છે આપણી જીવનભરની કમાઈ - તે બીજા કોઈને શી રીતે બતાવી શકાય ? જે જાણે તે માણે. બીજા વખાણે કે નહીં તેની શી પરવા ?

પરંતુ સર્જનના - આપણે માટે તો લેખનના - આનંદની બીજી પણ એક અવસ્થા છે. આપણા ઐહિક જીવનની એ વધારે પાસે છે. કદાચ વધારે દીર્ઘજીવી સંતોષ આપે છે. એ છે આપણી સિદ્ધિ સંસાર સમક્ષ ધરવાની, એનો પ્રતિભાવ મેળવવાની.

આમાં તો ભાઈ, સુખસાગરનાં મોજાં પર મોજાં તમારી પર ધસી આવે. તમને મૂંઝવી નાખે. ગાફેલ હો તો ભોંયભેગા કરી દે. ઘસડી જાય ક્યાંના ક્યાં, ઘડીમાં ઊંચે ઉછાળે તો ઘડીમાં દરિયાના પેટાળમાં ડુબાડી દે. ચારે કોર બસ, વાહ વાહ ! મુગ્ધ વાચકોનાં નેત્રોમાંથી નીતરતો સાભાર સ્નેહ, તંત્રીઓની સ્વીકૃતિ અને આમંત્રણપત્રિકા, વિદ્વજ્જનોએ પરાણે લીધેલી નોંધ, વિવેચકોની રહેમ નજર, સરસ્વતી સાથેની સદાયની સ્પર્ધા ભૂલી ગયેલાં લક્ષ્મીજીની મહેર, આંખો આંજી દે એવા ઝળહળાટ સાથે આભને આંબવા નીકળેલી યશપતાકા – આ બધું શું આનંદદાયક નથી ? એ નથી ગમતું એવો દંભ આપણે શીદને કરીએ ? પરંતુ સમજવું પડે કે એ આનંદ વિશુદ્ધ નથી. એમાં થોડો ભેગ છે - સ્પર્ધાનો, ટીકાનો, વિસ્મૃતિનો. આ ડર સપાટી પર આવે કે તળિયે પડ્યો રહે, એ રહેવાનો તો ખરો જ. આ ભેળસેળિયો આનંદ પણ જરૂરી છે. એ મેળવવા આપણે તનતોડ અને મનતોડ બંને પ્રકારની મહેનત કરીએ છીએ. કુટુંબમાં અને સમાજમાં સ્વીકૃતિ મળે તેમાં આપણને જીવનની સાર્થકતા લાગે છે. ભલે પછી એ મેળવવાની મથામણમાં સર્જનની પહેલી ક્ષણની અંગત આનંદલહરી ખોવાઈ જાય.

આ શીતળ સભાગૃહમાં સંધ્યાનો સમય હળવાશથી ગુજારવાના તમારા નેક ઈરાદાનો હું આદર કરું છું, મને પોતાને પણ એ જ ગમે, પરંતુ પ્રવચનના વસ્તુનિર્દેશમાં

જે છૂપો પડકાર છે તે ઝીલ્યા વગર મારો છૂટકો નથી એટલે આનંદનું આવડ્યું તેવું વિશ્લેષણ કર્યું. હવે વળીએ અનુભવ તરફ. આ તો રાજમાર્ગ છે. એના પર આપણી ગાડી સડસડાટ દોડશે. આમાં કશું શોધવાનું કે વિચારવાનું છે નહીં. અદાલતમાં સો ટકા સત્ય બોલવાના સોગંદ લેવા પડે છે એવી મજબૂરી તો અહીંયાં નથી. તે છતાં લગભગ પંચાણું સત્તાણું ટકા સાચું બોલીશ. બાકીના ખૂટતા ટકા સ્મૃતિદોષને ખાતે ઉધારી નાખજો.

જે બધું બની ગયું છે તે જ કહેવાનું છે. એમાંથી બોધ તારવવાની મગજમારી કરવાની મારે કશી જરૂર નથી. મારું લખાણ ઘણું સરસ છે કે હતું તેવું પુરવાર કરવાનીયે જરૂર નથી. એટલું જાણું છું કે મેં જે લખેલું તે કેટલાક ગુજરાતી વાચકો લગી પહોંચ્યું છે અને એટલી સફળતા મારે માટે બસ છે. એટલે પસંદગી કરવાની તકલીફ લીધા વગર જે કેટલાક પ્રસંગો યાદ આવશે તે તમારી સામે રજૂ કરીશ.

એક વખત ઘણા બધા લોકોની હાજરીમાં એક વડીલ તબીબે પોતે પણ સાહિત્ય વાંચે છે અને સમજે છે એવી બધાને જાણ કરવા મને ત્યારની યુવાન વયે સભાક્ષોભ ઉત્પન્ન થાય એવો પ્રશ્ન પૂછ્યો. ''આ તમારી 'કલાકારની પત્ની' વાર્તા વાંચી. આમ તો સારી છે, પણ તમે લગ્ન તો કર્યાં નથી - પતિપત્નીના સંબંધની આવી વાર્તા તમે તમારા કયા અનુભવને આધારે લખી ?'' આસપાસના લોકો એકદમ શાંત થઈ ગયા. બધાને મારો જવાબ સાંભળવામાં રસ હતો, પણ આપણેય સરસ્વતીની જે થોડીઘણી ઉપાસના કરેલી તે એળે થોડી જાય ? એ દેવીની કૃપાથી ધડ દઈને જવાબ આપી દીધો. તમારે હિસાબે તો અગાથા ક્રિસ્ટીને ફાંસીએ જ ચડાવવી જોઈએ નહીં, ડૉક્ટરસાહેબ ? આગળ સમજાવવું ન પડ્યું કે દરેક રોગની સારવાર કરતાં પહેલાં ડૉક્ટરને એ રોગ થયેલો હોવો જોઈએ એ જેમ જરૂરી નથી તેમ લેખક જે કંઈ લખે તે બધા અનુભવમાંથી એણે પસાર થવું જોઈએ એ પણ જરૂરી નથી. લોકોની હસાહસમાં ડૉક્ટરસાહેબની ચબરાકી ભોંઠી પડી ગઈ, પણ મને તેથી હર્ષ નહોતો થયો. ઘણા વખત સુધી વિચાર આવ્યા કર્યો - સાહિત્ય મૂલવવાની સમાજની દૃષ્ટિ જો આવી જ હોય તો આ લખવાનો ધંધો કરવા જેવો ખરો ?

બીજી એક વાત. મારી પહેલી નવલકથા 'વડવાનલ'નાં બેએક પ્રકરણ છપાયાં હશે ને લોકોના ગોળીબાર શરૂ થયા. 'આ અંજના કોણ છે ?' 'ગંગાબહેનના ને તમારા સંબંધો કેવા છે ?' 'તમારા નાનપણમાં તમારાં બાએ તમારી સાથે આવું વર્તન કરેલું ?'

ત્રીજું પ્રકરણ હજુ તો લખવાનું બાકી હતું. હું ઉદાસ ચહેરે બારી પાસે બેસી રહી હતી. બાનું ધ્યાન ગયું. એ કંઈક કરતાં હતાં એ પડતું મૂકીને પાસે આવ્યાં. 'શું થયું છે ? તબિયત નથી સારી ?'

'તબિયત તો સારી છે. પણ બહુ મૂંઝવણ થાય છે.'

'શાની ?'

'બા, હજુ મેં બે જ પ્રકરણ લખ્યાં છે. અત્યારથી લોકો આવું પૂછવા માંડ્યા છે ને મારે તો બાવન પ્રકરણ લખવાનાં છે. ને આગળ જતાં મારા વિચાર પ્રમાણે ઘણું બધું

આવું ને આવું જ થવાનું છે. તો શું કરું ? હજુ બહુ મોડું નથી થયું. વાર્તા બદલી નાખું ?'

બા કંઈ બોલ્યાં નહીં. ઠપકાભરી નજર નાખીને આઘાં ખસી ગયાં. મેં પાછળ પાછળ જઈને એમને ગળે હાથ ભેરવ્યા -

'કહો ને બા ? શું કરું ? આપણા બે માટે લોકો આવું ધારે તે કેમ સહન થાય ? એના કરતાં - '

મારા હાથ સહેજ છૂટા કરીને બાએ કહ્યું, 'લોકોની પરવા કરે તેને લેખક કહેવાય ? તારે જે લખવું હોય તે જ તું લખ.' પછી મને ખસેડવા જતાં જતાં એકદમ વહાલથી ભેટી પડ્યાં અને બોલ્યાં,'ધીરુ, આપણા બેની વાત આપણે જ જાણીએ. લોકોને છોને જે ધારવું હોય તે ધારે, જે બોલવું હોય તે બોલે, એમાં આપણે શું ? બરોબર ને ?

'ખરી વાત.'

'તો જા, લખવા બેસ.'

'હમણાં નહીં. રાતે લખીશ.' મારો આનંદિત ચહેરો જોઈ બા ખુશ થયાં અને હળવેથી પૂછ્યું, 'જોકે મારાથી પુછાય નહીં, તોયે કહે ને, શું લખવા ધાર્યું છે ?'

'જે પહેલેથી મારા મનમાં ધાર્યું છે તે જ.'

'હવે મારી દીકરી !'

એ માની દીકરી થવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું તે કયાં પુણ્યનું ફળ હશે ?

પછી તો તમે જાણો છો 'વડવાનલ'નાં માદીકરીનો સંઘર્ષ વધતો જ ગયો અને નવલકથા એના નકશા પ્રમાણે જ આગળ ચાલી, પૂરી થઈ અને વખણાઈ પણ ખરી. કોને ખબર, ત્રીજા પ્રકરણથી મારી કમજોરીને કારણે એનું વહેણ બદલાઈ ગયું હોય તો કેવોયે દાટ વળત !

બીજા ઘણા આનંદદાયક પ્રસંગો બન્યા છે પણ તે વર્ણવવા જતાં આત્મશ્લાઘામાં સરી પડાય. માત્ર એક નાનકડી વાત કહ્યા વગર નથી રહેવાતું. એ છે એક નાનકડી બાલિકાની, જે દરરોજ સાંજે મારાં એક બહેનપણીને ત્યાંથી 'અંડેરી ગંડેરી ટીપરી ટેન'ની ચોપડી લઈ જતી અને સવારે પાછી આપી જતી. દસબાર દિવસ પછી એ જ્યોત્સાબહેને પૂછ્યું, 'બેબી, તું બેચાર દિવસ તારી પાસે જ ચોપડી રહેવા દે અને વાંચી લે ને !

'હું વાંચતી નથી.'

'તો ?'

'લખું છું. રોજ થોડી થોડી લખું છું. પાછું મારે સ્કૂલે જવાનું, લેસન કરવાનું એટલે બહુ નથી લખાતું.

'પણ આ ચોપડી તો બજારમાં મળે, તું લખે છે શું કરવા ?'

'કારણ કે મને એ બહુ બહુ જ ગમે છે. હું રોજ થોડું થોડું ઉતારી લઉં તો એક દિવસ એ ચોપડી મારી પોતાની થઈ જશે ને !'

આથી વધારે મૂલ્યવાન કોઈ અનુભવ હોઈ શકે ખરો ?'

ધીરુબહેન પટેલ

સ્પેનની મહાનગરી છત્રી

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે સ્થાપત્યની રચનામાં હયાત પરિસ્થિતિને હકારાત્મક પ્રતિભાવ મળવો જોઈએ. પણ સંજોગો તથા સમય બદલાતાં ઘણું બદલાતું હોય છે. જે આજથી ૧૦૦-૧૫૦ વર્ષ પહેલાં યોગ્ય હતું તે આજે ન પણ હોય. સમાજનો અભિગમ, સ્થાપત્યનો અગ્રતાક્રમ, બાંધકામની સામગ્રી અને તકનીક બદલાતાં સ્થાપત્યનું સ્વરૂપ બદલાય જ. એક સમયે લાકડાના ઉપયોગથી જે પ્રકારનાં મકાનો બનાવતાં તે જ પ્રકારનાં મકાનો આજે બનાવવાં જરૂરી ન જ હોય. એક સમયે સ્થાપત્યનાં જુદાં જુદાં પરિબળો વચ્ચે જે પ્રકારનો સમન્વય હતો તેના કરતાં આજનો સમાજ કંઈક જુદું માંગે તે સ્વાભાવિક છે. ઇતિહાસને પકડી રાખવાનો ન હોય, તેનાથી શીખી આગળ વધવાનું હોય. આ સમજવા માટે સ્પેનના સેવિલ શહેરમાં બનાવેલું મેટ્રોપોલ પૅરેસોલ મકાન એક આદર્શ ઉદાહરણ ગણી શકાય.

મેટ્રોપોલ પૅરેસોલ - મહાનગરી છત્રી - એક વિશેષ પ્રકારની પ્રતિબદ્ધતા માંગી લેતું મકાન છે. સ્પેનના આ પૌરાણિક નગરમાં આ સ્થાને પહેલાં અહીં પરંપરાગત શૈલીનું વ્યાપારી પ્રવૃત્તિઓથી ધમધમતું બજાર હતું. સમય જતાં સલામતીનાં કારણોસર તેને તોડી પડાયું. સ્થાનિક સત્તામંડળ દ્વારા આ સ્થળને ફરીથી વિકસાવવા એક આંતરરાષ્ટ્રીય ડિઝાઇન સ્પર્ધાનું આયોજન કરાયેલું જેમાં જર્મન સ્થપતિ યુર્ગેન મેયર તથા હર્મેનની આ અનોખી રચના પસંદગી પામી. અહીં જે પરંપરાગત શૈલીનું બાંધકામ હતું અને બાંધકામ દરમિયાન અહીં જે પ્રાચીન ખંડેર મળી આવેલું તેનાથી આ સાવ જ ભિન્ન પ્રકારની રચના છે.

આ વિશ્વની સૌથી વિશાળ લાકડાની રચના છે. આ મકાન આશરે ૧૮,૦૦૦ ચોમી. વિસ્તારની જમીન પર બનાવાયું છે જે આશરે ૫,૦૦૦ ચોમી. જેટલી જગ્યા રોકે છે. કુલ ૨૧,૬૭૦ ચોમી. જેટલું આ બાંધકામ ૧૫૦ મી. x ૭૦ મી. વિસ્તારમાં પ્રસર્યું છે. ૨૮ મીટરથી વધુ ઊંચાઈવાળું આ મકાન બિલાડીના ટોપ જેવા છ છત્ર વડે નિર્ધારિત કરાયું છે. ચાર સ્તરના આ મકાનના ભોંયરામાં સામાન્ય તેમજ કેટલીક સાર્વજનિક સવલતો રખાઈ છે, જ્યારે રસ્તાના - જમીનના સ્તરે બજાર તેમજ ખુલ્લો સાર્વજનિક ચોક બનાવાયો છે. આ સ્થાનની ઉપરના બે સ્તરે જોવા - ફરવા માટે વ્યૂઇંગ ગૅલરી- અવલોકન સ્થાન બનાવાયાં છે, જેમાં પાછળથી પુરાતત્ત્વ - મ્યુઝિયમ ઉમેરાયું છે. સમય જતાં સર્વથા જાહેર સ્થાન સમાન આ મકાન શહેરની નવી ઓળખ બની રહ્યું.

અહીં બાંધકામની મૂળ સામગ્રી રાસાયણિક PU કોટિંગ (Polyurethane Coating) કરાયેલ લાકડું છે, પણ સાથે સાથે કૉન્ક્રીટ અને લોખંડનો પણ ઉપયોગ થયો છે. જેમાં કૉન્ક્રીટનો ઉપયોગ પાયા તથા જમીન નીચેના બાંધકામ માટે કરાયો છે, જ્યારે લોખંડ જ્યાં લાકડાના બાંધકામમાં વધારાની મજબૂતાઈ જરૂરી હોય ત્યાં વપરાયું છે. લાકડું અહીં મહત્તમ સર્જનાત્મક રીતે વપરાયું છે જેના ઉપયોગથી મુક્ત આકારો વડે કૅનોપી બનાવાઈ છે. એક અન્ય વિશેષતા પ્રમાણે આ રચનામાં લાકડાના કોઈ પણ બે ટુકડાનું વિગતીકરણ સમાન નથી. વળી લાકડાના પ્રત્યેક ટુકડાને પરસ્પર એકબીજામાં ખાંચીને જોડવામાં આવ્યા છે જેનાથી નવા જ પ્રકારની દૃશ્ય અનુભૂતિ સર્જાય છે. અહીં પ્રત્યેક લાકડાનો ટુકડો અલગ હોવા છતાં પણ આ પ્રકારની જોડાણ શૈલીથી સમન્વયયુક્ત સાતત્યતા ઊભરે છે. અહીં ક્યાંક ગ્રૅનાઇટ પણ વપરાયો છે. સાંપ્રત સમયમાં સ્થાપત્યમાં નવીન-શૈલી એટલે લોખંડ તથા કાચના ઉપયોગવાળું મકાન એમ માનવામાં આવે છે. તેની સામે અહીં લાકડાનો ઉપયોગ કરી સ્થાપત્યમાં નવું વિધાન કરાયું છે. સ્થાપત્યના ક્ષેત્રમાં આ એક અગત્યની ઘટના છે. વળી ચોક્કસ પ્રકારની પ્રવાહિતા દર્શાવતા આ મકાનના નિર્ધારણમાં કમ્પ્યૂટરનો ઉપયોગ ઉલ્લેખનીય છે.

આ મકાન ઈ. સ. ૨૦૦૫માં શરૂ થયું હતું અને સંજોગો પ્રમાણે તેના બાંધકામ દરમિયાન જ તેની રચનામાં થોડા ફેરફાર જરૂરી બનેલા. સેવિલ શહેરની પરંપરાગત સ્થાપત્યશૈલી સાથે સુસંગત લાગતું ન હોવાથી આ મકાન માટે શરૂઆતમાં વિરોધ પણ થયેલો, પણ જેમ જેમ મકાન બનતું ગયું તેમ તેમ તેની સ્વીકૃતિ વધતી ગઈ. આ મકાનના બાંધકામના સમયગાળા ઉપરાંત તેની કિંમત માટે પણ વિરોધ થયો હતો. આમ તો આ મકાન ૫૦ મિલિયન યુરોમાં પૂરું કરવાનું હતું પણ તેની કિંમત લગભગ ૧૦૦ મિલિયન

યુરોને આંબી ગઈ હતી. આ એક સારી બાબત ન કહેવાય. પણ અંતે જે મકાન ઊભું થયું તે સ્થાપત્યની ઉલ્લેખનીય રચના બની રહી, જેના માટે ત્યાંના નાગરિકો ઘણું ગૌરવ અનુભવે છે.

અભૂતપૂર્વ કન્સેપ્ટ, આશ્ચર્યજનક રચનાત્મક અભિગમ, નવીનતાપૂર્વકની વિદ્રોહક વિચારસરણી, પરંપરાગત શહેરમાં હિંમતપૂર્વક સાવ આગંતુક કહી શકાય તેવો ઉમેરો, લાકડાની રચનાને અપાયેલ નવીન ભવ્ય વ્યાખ્યા, નિયમિત - ભૌમિતિક - પરસ્પર સંકળાયેલા ૩૦૦૦ જેટલા લાકડાના ટુકડાઓની કલાત્મક ગોઠવણી, વિવિધ સ્થાનેથી સંભવિત વિવિધતાપૂર્વકની દૃશ્ય અનુભૂતિ, જૈવિક આકાર જેવી રચના, વહેતી - ખીલતી - પ્રવાહિતાની ઉદ્ભવતી પ્રતીતિ, રચના નિર્ધારણમાં કમ્પ્યૂટરનો સર્જનાત્મક ઉપયોગ, વિશાળતાની સાથે સંકળાયેલ રમ્યતા, સીધી રેખાઓથી સ્થપાયેલ લયબદ્ધતા - આ અને આવી બાબતોને કારણે આ મકાન માટે સ્થાનિક પ્રજા આશ્ચર્ય સાથે ગૌરવ લઈ શકે છે. આ મકાન સાચે જ ઉલ્લેખનીય છે. મોન્ટ્રિયલના ઑલિમ્પિક સ્ટેડિયમની રચનાએ જેમ તંબુની વ્યાખ્યા બદલી નાખી હતી તેમ આ મેટ્રોપોલ પૅરેસોલે લાકડાના સ્થાપત્યની વ્યાખ્યા જ બદલી નાખી છે.

- હેમંત વાળા

વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક ‘વિશ્વવિહાર’માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી ‘વિશ્વવિહાર’ મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને ‘વિશ્વવિહાર’ મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે ‘વિશ્વવિહાર’માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

‘વિશ્વવિહાર’નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

વ્યાયામશાળાના મુખ્યમહેમાનપદે...

એક જાણીતી વ્યાયામશાળા દ્વારા વ્યાયામના જુદા જુદા પ્રયોગોમાં શ્રેષ્ઠતા હાંસલ કરનારાં યુવાન-યુવતીને ઇનામો આપવાનાં હતાં. આ ઇનામ-વિતરણ મારે હાથે થાય એવી શુભ ભાવનાથી વ્યાયામશાળાના સંચાલકશ્રી મારા એક સ્નેહીનો ભલામણપત્ર લઈને મારી પાસે આવ્યા. હું ભલામણપત્ર વાંચી રહ્યો એટલે સંચાલકશ્રી બોલ્યા : 'આપ અમારા કાર્યક્રમમાં આવશો જ અને આપના વરદ હસ્તે ઇનામ-વિતરણ થશે જ એવી પૂરી શ્રદ્ધાથી હું આપની પાસે આવ્યો છું, પણ આપ હા કહો તે પહેલાં મારે એક સ્પષ્ટતા કરવાની છે.'

આર્થિક રીતે સધ્ધર ન હોય એવી સંસ્થાના કોઈ સંચાલક કાર્યક્રમની દરખાસ્ત લઈને આવે છે ત્યારે મોટે ભાગે સંસ્થાની ગરીબાઈનાં રોદણાં રુએ છે ને પુરસ્કાર આપી શકવાની અશક્તિ અંગે પહેલેથી જ ચોખવટ કરી દે છે. આવી એક સંસ્થામાં એક વાર મારે જવાનું થયેલું. કાર્યક્રમ પૂરો થયા પછી સંચાલકે બે હાથ જોડીને કહ્યું. 'સંસ્થાની આર્થિક સ્થિતિ આપ જાણો છો. એટલે અમે આપને આવવાજવાનું રિક્ષાભાડું પણ આપી શકતા નથી. આ માટે અમે દિલગીર છીએ.' આ સાંભળી, જ્યોતીન્દ્ર દવેના શબ્દોમાં કહું તો, એમના કરતાંય હું વધુ દિલગીર થયો હતો. પણ પોતાના ખર્ચે ઘેર પાછા જવા સિવાય બીજો કશો વિકલ્પ નહોતો.

આ ગૃહસ્થ પણ આવી કશી ચોખવટ કરવા માગતા હશે એમ ધારી મેં કહ્યું, 'આવા કાર્યક્રમમાં મને પુરસ્કારની અપેક્ષા નથી હોતી - માત્ર લેવા-મૂકવાની વ્યવસ્થા આપ કરો એ પૂરતું છે.'

'ના, ના, એવી વાત નથી. અમે આપને પ્રતીકરૂપ કંઈક ભેટ પણ આપીશું અને લેવા-મૂકવા માટે ગાડીની વ્યવસ્થા પણ કરીશું. સમારંભ પૂરો થયા પછી આપે ભોજન પણ અમારી સાથે જ લેવાનું છે.'

'જુઓ, હું સાંજે જમતો નથી, એટલે કે, જમી શકતો નથી. બપોરે જે થોડુંઘણું આમ તો જોકે ઘણું થોડું - જમી શકું છું એને પચાવતાં ચોવીસ કલાક થાય છે. એટલે સાંજે મને જમવાનું જ ફાવતું નથી એટલે જમવામાં મને શું ફાવે એની સ્પષ્ટતા આપ કરવા માગતા હો તો એ પણ જરૂરી નથી.'

'ના, ના એવી વાત નથી, પણ અમારા કાર્યક્રમમાં પધારતા મહેમાન માટે અમે યોગ્યતાનાં કેટલાંક ધોરણો નક્કી કર્યાં છે.'

'આપ વ્યાયામશાળા ચલાવો છો એટલે આપને ત્યાં આવનારા મહેમાનની શારીરિક ક્ષમતા અંગે આપને કેટલીક અપેક્ષાઓ હોય તે સમજી શકાય તેવું છે. હું આપને ત્યાં આવીને વ્યાયામના પ્રયોગો તો નહિ બતાવી શકું, પણ ગાડીમાંથી ઊતરીને સ્ટેજ સુધી

હું ચાલી શકીશ. સમારંભ પૂરો થાય ત્યાં સુધી સ્ટેજ પર બેસી શકીશ - વ્યાયામશાળાના મહેમાનને છાજે એ રીતે ટટ્ટાર બેસીશ. ઈનામ-વિતરણ ચાલે ત્યાં સુધી કશાયનો ટેકો લીધા વગર ઊભો રહી શકીશ. વ્યાયામશાળાનાં પ્રમાણપત્રો ને ઈનામો બહુ વજનદાર નહિ હોય તો ઊંચકી પણ શકીશ....' મેં કહ્યું.

'ના, ના, એવી વાત નથી.' સંચાલકશ્રી બોલ્યા, 'વાત એમ છે કે અમે સર્વાનુમતે નક્કી કર્યું છે કે અમારા મુખ્યમહેમાનનું વજન સાઠ કિલોથી વધુ ન હોવું જોઈએ અને સાથે સાથે તેઓ જીવનમાં કદી વ્યાયામશાળાએ ગયા ન હોવા જોઈએ. તેઓ મોટા વિદ્વાન હોવા જોઈએ અને એમને છટાદાર રીતે ભાષણ કરતાં આવડવું જોઈએ.' પોતાની યોગ્યતા કરતાં ઊંચું મૂલ્યાંકન થાય ત્યારે માણસને સ્વાભાવિક રીતે જ જેવો આનંદ થાય એવો આનંદ મને પણ થયો. આમ છતાં, નમ્રતા એ વિદ્વાનનું ભૂષણ છે એ સૂત્ર યાદ કરી મેં કહ્યું, 'જુઓ, મોટા વિદ્વાન ગણાવું મને ગમે, પણ લોકોનાં મનમાં હું હજુ એવી ગેરસમજ ઊભી કરી શક્યો નથી. મારાં ભાષણો બહુ છટાદાર હોય છે એવા અભિપ્રાયો પણ મને મળ્યા નથી. એટલે...'

'સાહેબ, તમે ચિંતા ન કરો. વિદ્વત્તા અને વક્તૃત્વ અંગે અમારો ઝાઝો આગ્રહ નથી. તમે વિદ્વાન ન હો તોયે ચાલશે. આમ પણ, સાહેબ, વિદ્વત્તાને શું ધોઈ પીવી છે ? ને આ ક્યાં ચૂંટણીસભા છે ? આવડે એવું બોલજો ને, સાહેબ ! પણ વજનની બાબતમાં ને વ્યાયામશાળાએ ન ગયા હોવાની બાબતમાં અમે સહેજે બાંધછોડ કરી શકીએ એમ નથી. વ્યાયામશાળાએ ન જનારની મોટી ઉંમરે કેવી અવદશા થાય છે એ અમે છોકરા-છોકરીઓને સમજાવવા માગીએ છીએ.'

વ્યાયામશાળાના સંચાલકની વિલક્ષણ દૃષ્ટિ અંગે મને આશ્ચર્ય થયું, પણ આશ્ચર્યનો ભાવ છુપાવીને મેં કહ્યું, 'મારું વજન તો સાઠ કિલોથી સહેજ પણ વધુ નથી. આટલું વજન છેલ્લાં ચાર વર્ષથી છે. વજન વધારવાના પ્રયત્નો બહુ કર્યા છે પણ સફળ નથી થયો. એટલે કાર્યક્રમના દિવસ સુધીમાં વજન વધીને સાઠ કિલો ઉપર જતું રહે એવો સંભવ નથી. પણ હું વ્યાયામશાળાએ કદી ગયો નથી એવું કહી શકાય તેવું નથી. ઊલટું, સાત વર્ષનો થયો ત્યારથી શરૂ કરીને અઢાર વર્ષનો થયો ત્યાં સુધી હું નિયમિતપણે વ્યાયામશાળામાં ગયો હતો. અમારા સાવર-કુંડલા ગામનું શ્રીકૃષ્ણકુમારસિંહજી વ્યાયામમંદિર જિલ્લાનાં ઉત્તમ વ્યાયામમંદિરોમાંનું એક છે.'

મારી વાત સાંભળી એ મારી સામે આશ્ચર્યથી જોઈ રહ્યા. મારા કથન પર એમને વિશ્વાસ બેઠો હોય એવું લાગ્યું નહિ. એમણે કહ્યું, 'તમે સાચું જ કહેતા હશો, પરંતુ આટલાં બધાં વરસ વ્યાયામશાળામાં ગાળનારી વ્યક્તિનું શરીર આવું માયકાંગલું હોય એ નવાઈની વાત છે. પણ કંઈ વાંધો નહિ. તમે-તમારે કહેજો ને કે હું કદી વ્યાયામશાળામાં ગયો નથી. તમારું આવું શેરડીના સુકાઈ ગયેલા સાંઠા જેવું શરીર જોઈ સૌ સાચું જ માની લેશે.'

સંચાલકશ્રીએ મારા શરીરના વર્ણન માટે જે શબ્દો વાપર્યા તે મારું ગૌરવ વધારે એવા નહોતા. જ્યોતીન્દ્ર દવેએ એક વ્યાયામશાળાના સંચાલક માટે લખ્યું છે કે એમણે શરીર જેટલું કસ્યું હતું એટલી જીભ કસી નહોતી, તેમ આ સંચાલકશ્રીએ પણ શરીર જેટલું કસ્યું છે એટલી જીભ કસી નથી એવું મને લાગ્યું. એટલે એમના કથનનો પ્રતિવાદ મેં ન કર્યો, પણ 'હું કદી વ્યાયામશાળામાં ગયો નથી' એવું કહેવાની મેં ના પાડી. મેં કહ્યું, 'હું કદી જૂઠું બોલતો જ નથી એવું જૂઠું હું તમારી સમક્ષ નહિ બોલું. પણ આમ અકારણ જૂઠું બોલવાનું મને નહિ ફાવે.'

'તે ન બોલજો, સાહેબ ! તમે કશું ન કહેતા. અમે કહીશું કે આ સાહેબ કદી વ્યાયામશાળાએ નથી ગયા. એટલે જુઓ, એમનું શરીર કેવું સાવ ખડમાંકડી જેવું છે !' મારા શરીર અંગે પ્રમાણપત્રો આપવાનો સિલસિલો ચાલુ રાખતાં તેમણે કહ્યું.

'ના, ના. એ પણ બરાબર ન કહેવાય.' સંચાલકશ્રીએ મને યુધિષ્ઠિરની ભૂમિકા પર લઈ જવાનો પ્રયાસ કર્યો પણ હું હરિશ્ચંદ્રની ભૂમિકા પર અટલ રહ્યો.

'તો પછી સાહેબ, અમે શું કરીએ ?' સંચાલકશ્રીએ મૂંઝાઈને કહ્યું.

'જુઓ, હું તમને મારા એક બીજા મિત્ર પર ચિઠ્ઠી લખી આપું. એ મોટા લેખક છે, વિદ્વાન ગણાય છે એટલું જ નહિ - ખરેખર વિદ્વાન છે; સારા વક્તા પણ છે. એમનું વજન મારા કરતાં પણ બે-ત્રણ કિલો ઓછું છે. તેઓ કદી વ્યાયામશાળાએ ગયા નથી. આ અંગેનો પશ્ચાત્તાપ તેઓએ વારંવાર વ્યક્ત કર્યો છે. તેઓ લગભગ માંદા જ રહે છે. અત્યારે તેઓ માંદા નહિ હોય તો તમારું નિમંત્રણ સ્વીકારશે ને કાર્યક્રમના દિવસે માંદા નહિ હોય તો કાર્યક્રમમાં હાજર પણ રહેશે.'

પોતાના ભાવિ મુખ્યમહેમાનનું વર્ણન સાંભળી સંચાલકશ્રી પ્રસન્ન થઈ ગયા. આવા ઉત્તમ મનુષ્ય મુખ્યમહેમાન તરીકે મળશે એવી તો એમને કલ્પના જ નહોતી. મારી પાસેથી ભલામણપત્ર લઈ, મારો ઉપકાર માની તેઓ વિદાય થયા.

પણ કાર્યક્રમના દિવસે, કાર્યક્રમ શરૂ થવાના અર્ધા કલાક પહેલાં, સંચાલકશ્રી ફરી મારે ઘેર આવ્યા; કહે, 'સાહેબ, અમે પસંદ કરેલા મહેમાન ગઈકાલથી ગંભીર માંદગીમાં સપડાયા છે. અમે તો એમને સ્ટ્રેચરમાં સુવડાવી, ઍમ્બુલન્સમાં લઈ આવવા તૈયાર હતા, પણ ડૉક્ટરે એવું જોખમ લેવાની એમને ના કહી. હવે તમે જ અમારા કાર્યક્રમનું મુખ્યમહેમાનપદ શોભાવો.'

નિયતિ આને જ કહેતા હશે ?

- રતિલાલ બોરીસાગર

આસ્વાદ

◈ ૨૨ માર્ચ, ૨૦૨૫, શનિવાર : સવારે ૧૦-૦૦

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'રાજકપૂરની બે ફિલ્મો' (પશ્ચિમની અને ભારતીય દૃશ્યકલાના પરિપ્રેક્ષ્યમાં) વિશે પ્રાધ્યાપક શ્રી ચંદ્રકાન્ત કડિયા વક્તવ્ય આપશે.

મારું જીવન અંજલિ થાજો !

પુષ્પા એન.એમ.

બૅંગાલુરુમાં રહેતી પુષ્પા પ્રિયા જે પુષ્પા એન.એમ.થી પણ જાણીતી છે. તે પોતાના જીવનના અનુભવે દૃઢપણે માને છે કે શિક્ષણનો અભાવ અને ગરીબીને સીધો સંબંધ છે. જીવનમાં ગરીબી અને હાડમારીમાંથી બહાર નીકળવાનો એક જ ઉપાય છે અને તે છે શિક્ષણ. તેથી જ આજે અભ્યાસમાં મુશ્કેલી અનુભવતા અનેક વિદ્યાર્થીઓને તે અનોખી રીતે મદદરૂપ થાય છે. અનેક પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ કે પરીક્ષામાં પેપર લખવા માટે સક્ષમ ન હોય તેવા અનેક વિદ્યાર્થીઓના સ્ક્રાઇબ્સ અર્થાત્ રાઇટર તરીકે કામ કરે છે. નાનપણથી જ અનેક મુશ્કેલીઓ અને સંઘર્ષોનો સામનો કરીને પુષ્પા મોટી થઈ છે. સામાન્ય કુટુંબમાં જન્મેલી પુષ્પાનો પરિવાર કામની શોધમાં પોતાના ગામ દોડબલ્લાપુરથી પચાસ કિમી.ના અંતરે આવેલા બૅંગાલુરુ આવ્યો. પુષ્પાના પિતાને કૉન્ટ્રાક્ટ વર્કર તરીકે કામ તો મળ્યું, પરંતુ ૧૯૭૮માં અકસ્માત થવાથી પથારીવશ થઈ ગયા. ઘરનું ભાડું ભરવાનું અને ચાર વ્યક્તિઓનો પરિવાર ચલાવવાનું કામ માતા માટે મુશ્કેલ હતું. પુષ્પા અને તેનો ભાઈ એટલાં નાનાં હતાં કે માતાને મદદ કરી શકે તેમ નહોતાં. તેણે ઘરનાં કામ કરીને પણ બંને બાળકોને ભણાવ્યાં.

પુષ્પા તે દિવસોને યાદ કરતાં કહે છે કે જીવનનું લક્ષ શું છે કે તેને કોઈ કારકિર્દી બનાવવી છે - એ વિશે ક્યારેય વિચાર નહોતો કર્યો. તેનું કારણ એ હતું કે આર્થિક મુશ્કેલીને કારણે અસ્તિત્વ ટકાવવાનો જ વિચાર મનમાં સતત ચાલતો રહેતો, પરંતુ એક વાત એના મનમાં સ્પષ્ટ આકાર લઈ રહી હતી કે પોતાની જિંદગીમાં જે સહન કરવું પડ્યું છે તેવી રીતે અન્ય કેટલા બધા લોકો પણ દુઃખી છે, તેમને કોઈ ને કોઈ સ્વરૂપે મદદ કરવી. ૨૦૦૭માં એક દિવસ તે ચાલતા જવાને બદલે બસમાં બેઠી. બસમાં તેની મુલાકાત એક પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ સાથે થઈ અને પછી તેની સાથે વાતચીતનો સંબંધ ચાલુ રહ્યો. એક દિવસ એણે પુષ્પાને કહ્યું કે તેને પરીક્ષા આપવાની છે તો તે તેની રાઇટર તરીકેની કામગીરી બજાવશે ?

પુષ્પાને પોતાના કૉલેજકાળના દિવસો યાદ આવ્યા. તે જ્યારે પ્રિ-યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી, ત્યારે ફીના પૈસા ન હોવાથી કૉલેજ છોડી દેવાનો વિચાર કરતી હતી, પરંતુ કોઈ મિ. વાસુ નામની વ્યક્તિએ એના ફીના પૈસા ભર્યા અને પછી તો પાર્ટ ટાઇમ નોકરી કરીને અભ્યાસ પૂરો કર્યો. તે મિ. વાસુને ઓળખતી પણ નહોતી અને આજે એ વ્યક્તિ ક્યાં છે તેની પણ તેને ખબર નથી, પરંતુ આજેય પુષ્પા તેનો

આભાર માને છે. તે વિચારે છે કે આ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીને મદદની જરૂર છે, તો એણે કરવી જોઈએ. ઈશ્વરે જ એને માટે આવી તક ઊભી કરી છે. તે જીવનમાં લોકોને મદદ કરવા માગતી હતી, તેથી એણે આ તક ઝડપી લીધી. તે વિચારે છે કે એની પાસે પૈસા નથી તો આ રીતે મદદ કરી શકાય. તેણે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીને રાઈટર તરીકે પોતે આવશે તેની જાણ કરી દીધી. પછી તેને ચિંતા એ થઈ કે તે બરાબર એને ન્યાય આપી શકશે, કારણ કે કયા વિષયની પરીક્ષા આપવાની છે તેની પણ ખબર નહોતી. પ્રથમ વખત રાઈટર તરીકે ગઈ, ત્યારે એક બાજુ તે નર્વસ હતી, તો બીજી બાજુ અભિભૂત બની ગઈ હતી. તેને થતું હતું કે તે પરીક્ષા હૉલમાંથી બહાર જતી રહે, કારણ કે તે વિદ્યાર્થી સવાલને ફરી ફરી પૂછતો હતો તેથી પુષ્પાને ડર લાગ્યો કે જો તેનાથી કોઈ ભૂલ થશે તો તે વિદ્યાર્થીને ભોગવવી પડશે. પછી તો ૨૦૦૭થી પુષ્પાએ અનેક વિદ્યાર્થીઓને મદદ કરી છે. છેલ્લાં સોળ વર્ષમાં તેણે ૧૦૮૬ વ્યક્તિઓને પરીક્ષાનાં પેપર લખવામાં મદદ કરી છે. તેમાં સ્કૂલથી માંડીને કૉલેજમાં અભ્યાસ કરતા તેમજ સિવિલ સર્વિસ, બૅંક જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અને પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓનો પણ તેમાં સમાવેશ થાય છે. આ કાર્ય માટે તેને ૨૦૧૯માં નારીશક્તિ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો છે.

પુષ્પાએ ઇંદિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટીમાંથી કમ્પ્યૂટર સાયન્સમાં ડિપ્લોમાનો કોર્સ કર્યો છે અને એક કંપનીમાં નોકરી પણ કરે છે. પુષ્પાના આ કાર્ય વિશે જેમ જેમ જાણ થતી ગઈ, તેમ તેમ તેની માગ વધતી ગઈ. નોકરી અને પુષ્પાના આ પેશન વચ્ચે સમતુલા જાળવવી મુશ્કેલ છે, પરંતુ તેની કંપની એટલી ઉદાર છે કે તે આવાં કામ કરનાર પુષ્પાને સમયની અનુકૂળતા કરી આપે છે. પુષ્પા કહે છે કે માત્ર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ જ નહીં, પરંતુ અકસ્માત થયો હોય, ફ્રૅક્ચર થયું હોય, સેરેબ્રલ પાલ્સીવાળા વિદ્યાર્થીઓ પણ હોય છે. સેરેબ્રલ પાલ્સી હોય તેમને સાંભળવા માટે અત્યંત ધીરજ જોઈએ. સ્ક્રાઇબ્સ બનવા માટે એક તો નિષ્ઠા જોઈએ અને ગોપનીયતાનો ગુણ જોઈએ. બાકી તો કર્ણાટક પૂરતી વાત હોય તો તમને કન્નડ અને અંગ્રેજી બંને ભાષા આવડતી હોય તો તમે પેપર લખવામાં મદદ કરી શકો.

પુષ્પાએ સ્ક્રાઇબ્સ બનવા માગતા સ્વયંસેવકોનું એક ગ્રૂપ બનાવ્યું છે. પેપર લખનારે તેના સમય પ્રમાણે તે જગ્યાએ પહોંચવાનું હોય છે. તેનામાં ખૂબ ધીરજ અને અન્યને શાંતિથી સાંભળવાની ધીરજ હોવી જોઈએ. તે વ્યક્તિની સમગ્ર કારકિર્દીનો આધાર તમારા પર છે એવી જવાબદારીનું ભાન હોવું જોઈએ. તેથી જે વિષયમાં કંઈ જ ખબર ન પડતી હોય તેમાં એકાગ્ર ચિત્તે ખૂબ ધ્યાનપૂર્વક સાંભળીને લખવું જોઈએ. પરીક્ષા પહેલાં સ્ક્રાઇબ્સને તેના નિયમો આપવામાં આવે છે, જેથી શિસ્તબદ્ધ વર્તણૂક રહે. પુષ્પાનું માનવું છે કે આવા વિદ્યાર્થીઓની સમાંતર પરીક્ષા લેવી જોઈએ. આજે દર મહિને જુદા જુદા વિષયમાં થઈને એક હજાર સ્ક્રાઇબ્સની જરૂર છે. આજની ભાગદોડભરી જિંદગીમાં સહુ વ્યસ્ત છીએ, પરંતુ આવા કામથી અનોખો સંતોષ મળે છે. તેમની દિવ્યાંગતા શરીરના કોઈ ભાગમાં છે, હૃદયમાં નથી. આ રીતે મદદ કરીને ઊડવા માટે તેમને પાંખો આપી શકાય.

- પ્રીતિ શાહ

એક નૂર આદમી, હજાર નૂર કપડાં

વીસમી સદીમાં થયેલી સિલિકોન અને ડિજિટલ ક્રાંતિએ લોકોની જીવનશૈલી બદલી નાખી. આ બંને ટૅક્નૉલૉજીના ઉદ્‌ભવને કારણે જીવનઉપયોગી સાધનોનું કદ ખૂબ ઘટી ગયું અને ક્ષમતા વધી ગઈ. ક્યારેય ન વિચાર્યું હોય તેવાં સાધનોનો આવિષ્કાર થયો. ખૂબ ચવાયેલું એક ઉદાહરણ છે કમ્પ્યૂટરનું. એક જમાનાના મોટા ઓરડા જેટલા કદના કમ્પ્યૂટરથી અનેક ગણું વધુ ક્ષમતાવાળું કમ્પ્યૂટર મોબાઇલ ફોન સ્વરૂપે આજે ખિસ્સામાં સમાઈ જાય છે. નાના કદના અને વિવિધ પ્રકારના સંવેદકો (Sensors) અસ્તિત્વમાં આવ્યા જેને પ્રતાપે વસ્તુઓ અને પ્રણાલીઓને ‘સ્માર્ટ’નું બિરુદ મળ્યું. એક સમયે ફક્ત માણસો માટે વપરાતો શબ્દ ‘સ્માર્ટ’ હવે વસ્તુઓ માટે પણ વપરાવા લાગ્યો. આ સાથે બિનતારીય સંદેશાવ્યવહાર ટૅક્નૉલૉજીએ હરણફાળ ભરી. વિવિધ ટૅક્નૉલૉજીના સમન્વયથી તૈયાર થતાં નાનાં સાધનોએ (Devices - ડિવાઇસિસ) માણસોના શરીર પર જ પોતાની જગ્યા બનાવી લીધી. અંતરિક્ષયાત્રીઓ જ્યારે યાત્રાએ નીકળે ત્યારે કે અંતરિક્ષમાં લટાર મારવા નીકળે ત્યારે ખાસ પ્રકારનો પોષાક પહેરે છે. આ પોષાક યાત્રીને યોગ્ય વાતાવરણ તો પૂરું પાડે જ છે - સાથે સાથે તેના સ્વાસ્થ્ય સંબંધિત પરિમાણો પર નજર રાખે છે અને તેનું પ્રસારણ પણ કરે છે. આ પદ્ધતિનું નાનું સ્વરૂપ એટલે ‘વેરેબલ ડિવાઇસિસ’ (શરીર પર પહેરી શકાય તેવાં સાધનો). અલબત્ત, અંતરિક્ષ પોષાક સંદર્ભે તેની ક્ષમતા અને કાર્યશૈલી અતિ લઘુમાત્રામાં છે.

વેરેબલ ડિવાઇસિસનું અવતરણ છેક ચૌદમી સદીમાં જોવા મળે છે જ્યારે ઘડિયાળ ભીંતેથી ઊતરીને કાંડા પર આવી ગઈ. ત્યારપછી તો ચશ્માં, શ્રવણયંત્ર, દાંતનું ચોકઠું વગેરે આવ્યાં. આ પૌરાણિક વેરેબલ ડિવાઇસિસમાં ન તો સંવેદકો હતા કે ન તો તે સંદેશાનું પ્રસારણ કરતા હતા. આમ આધુનિક વેરેબલ ડિવાઇસિસ સંદર્ભે તેને આ ગ્રૂપમાંથી ડિલિટ કરી શકાય. માનવીના શરીર પર પહેરવા માટે રચાયેલ ઉપકરણોનાં વિવિધ સ્વરૂપો હોય છે; જેમાં ઘરેણાં, એસેસરીઝ, મેડિકલ ઉપકરણો, કપડાં, કપડાનો કેટલોક હિસ્સો વગેરેનો સમાવેશ થાય છે. આધુનિક વેરેબલ ડિવાઇસિસે સ્વાસ્થ્ય ઉપરાંત બીજાં અનેક ક્ષેત્રોમાં પગપેસારો કર્યો છે. ભવિષ્યમાં આ પ્રકારનાં સાધનોનો વ્યાપ ખૂબ જ વધશે તેવાં એંધાણ છે. તેને લીધે લોકોનું સ્વાસ્થ્ય સુધરશે, મેડિકલ કટોકટી આવે તે પહેલાં જ ઓળખી શકાશે, મનોરંજનનાં નવાં દ્વાર ખૂલશે વગેરેને લીધે લોકોની જીવનશૈલીમાં પણ ફેરફાર આવશે. વેરેબલ ડિવાઇસિસ જુદાં જુદાં ક્ષેત્રો માટે અલગ અલગ રીતે કામ કરે છે. મુખ્યત્વે તેમાં માઇક્રોપ્રોસેસર, સંવેદકો, બૅટરી અને ઇન્ટરનેટ સાથે જોડાણના ઘટકો હોય છે. તેને લીધે એકત્રિત કરેલા ડેટાને મોબાઇલ, લૅપટૉપ કે અન્ય ઇલેક્ટ્રૉનિક ઉપકરણો સાથે સાંકળી શકાય છે. મેડિકલ વેરેબલ ડિવાઇસિસમાં સામેલ કરેલા સંવેદકો શારીરિક ગતિવિધિ પર નજર રાખે છે, બાયૉમેટ્રિક ઓળખ આપે

છે અથવા સ્થાન ઓળખવામાં સહાય કરે છે. ઉદાહરણ તરીકે સૌથી સામાન્ય વેરેબલ ડિવાઈસિસની વાત કરીએ તો ઍક્ટિવિટી ટ્રેકર કે સ્માર્ટ વૉચ કાંડા ઘડિયાળની જેમ પટ્ટા વડે પહેરવામાં આવે છે. તે દિવસભરની શારીરિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરે છે. મોટા ભાગની વેરેબલ ડિવાઈસિસ કાં તો શરીર પર પહેરવામાં આવે છે અથવા તો પોષાક સાથે સંલગ્ન કરવામાં આવે છે. જ્યારે કેટલીક ડિવાઈસિસ શારીરિક સંપર્ક વિના પણ કાર્ય કરે છે, અલબત્ત તે શરીરની નજીક તો હોવી જ જોઈએ. શરીરના હલનચલન અને ગતિનું નિરીક્ષણ કરવા માટે રિમોટ સ્માર્ટ સેન્સર અને એક્સિલોમીટરનો ઉપયોગ થાય છે. હૃદયના ધબકારા અથવા ગ્લુકોઝના સ્તરને માપવા માટે ઑપ્ટિકલ સેન્સરનો ઉપયોગ થાય છે. બધી જ વેરેબલ ડિવાઈસિસનું એક સામાન્ય પરિબળ છે; તત્સમય ડેટાનું નિરીક્ષણ કરવું. ઇન્ટરનેટ ઑફ થિંગ્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટૅક્નૉલૉજીની પ્રગતિની સાથે વેરેબલ ડિવાઈસિસે અનેક ક્ષેત્રોમાં પગપેસારો કર્યો છે. વેરેબલ ડિવાઈસિસના કેટલાક આધુનિક અવતારો તરફ નજર નાખીએ.

VR હેડસેટ સાથે સ્માર્ટ જૅકેટ

અમેરિકન વેબસાઈટ સાયન્સડેઈલી અનુસાર અમેરિકાની ટેરાસાકી ઇન્સ્ટિટ્યૂટ ફોર બાયૉમેડિકલ ઇનૉવેશન દ્વારા સ્વાસ્થ્ય પર દેખરેખ રાખવા માટે પહેરી શકાય તેવી ઇલેક્ટ્રૉનિક ત્વચા(ઈ-ત્વચા)ની શોધ કરવામાં આવી છે. અતિ પાતળા ઈ-ત્વચાના પેચને પાણીની મદદથી નાનાં બિનતારીય ટ્રાન્સમીટર સાથે વ્યક્તિની છાતીના વિસ્તારમાં ગોઠવાય છે જે એક અઠવાડિયા સુધી કામ કરે છે. તે હૃદયના ધબકારા અને સ્નાયુઓની હિલચાલ જેવા વીજસંકેતોને ઓળખવામાં અને તેને રૅકૉર્ડ કરવા માટે સંવેદનશીલ છે. આ સંકેતો ઇન્ટરનેટના માધ્યમથી નિષ્ણાતો સુધી પહોંચે છે. હૃદયની બીમારી અને મધુપ્રમેહ જેવા રોગોનું તત્સમય નિરીક્ષણ કરવા માટેનું આ અગત્યનું સોપાન છે. કોવિડ-૧૯ દરમિયાન લોકો પોતાના આરોગ્ય પ્રત્યે વધુ સભાન થઈ ગયા હતા. આરોગ્ય પ્રત્યે સાવધાની રાખી રોગચાળાને ફેલાતો અટકાવવામાં યોગદાન આપવા ઉત્સાહિત હતા. આ સમયે વેરેબલ ડિવાઈસિસના ઉપયોગમાં ઉછાળો આવ્યો હતો. આ સંબંધે અનેક મોબાઇલ ઍપ્લિકેશન્સ પણ વહેતી થઈ હતી જેની અધિકૃતતા વિશે શંકા ઊપજી હતી.

મનોરંજન, ખેલકૂદ (Sports) અને રમત(Games)ક્ષેત્રે વેરેબલ ડિવાઈસિસે પોતાની

હાજરી નોંધાવી છે. VR Headsetથી આપણે સૌ પરિચિત છીએ. આ ચશ્માંની જેમ જ આંખો પર પહેરવાનું ઉપકરણ છે. અહીં VR એટલે Virtual Reality - આભાસી સત્ય. ઉપકરણના પ્રોગ્રામ મુજબ આપણી ચોમેર ત્રિપરિમાણીય આભાસી વિશ્વ રચાય છે. આભાસી વાતાવરણમાં 'ચોર-પોલીસ' જેવી રમત પણ રમાય છે. હવે તો આભાસી સત્ય સાથે સ્માર્ટ જૅકેટ સંલગ્ન કરવામાં આવ્યું છે. તે હેપ્ટિક સૂટ, વીઆર સૂટ, ગેમિંગ સૂટ કે ટેક્સટાઇલ સૂટના નામથી ઓળખાય છે. રમત મુજબનો સૂટ પહેરવાનો હોય છે. તેમાં વિવિધ જગ્યાએ લગભગ સિત્તેર સંવેદકો ગોઠવેલા હોય છે. સંકેત મળતાં આ સંવેદકો અથવા તો કોઈ ખાસ જગ્યાના સંવેદકો ધ્રુજારી, દબાણ કે હિલચાલની અનુભૂતિ કરાવે છે. હા, અનુભૂતિની માત્રા પણ નિયંત્રિત કરી શકાય છે. ઉદાહરણ તરીકે આભાસી સત્ય દ્વારા 'ચોર-પોલીસ' રમતી વખતે છાતીમાં પિસ્તોલની ગોળી વાગે તો સ્માર્ટ જૅકેટને કારણે ખેલાડીને છાતીમાં ગોળી વાગવાની અનુભૂતિ થાય છે. ફૅશનક્ષેત્રનાં સ્માર્ટ જૅકેટ વળી જુદા પ્રકારનાં હોય છે. ગૂગલ અને લેવીસે સાથે મળીને બનાવેલાં સ્માર્ટ જૅકેટની મદદથી ફોનની જેમ વાતચીત થઈ શકે છે, જૅકેટ મનપસંદ સંગીત સંભળાવે છે અને જૅકેટની બાંયથી ફોટા પણ પાડી શકાય છે. સ્માર્ટ વૉચ, રિસ્ટબેંડ, સ્માર્ટ શૂઝ, સ્માર્ટ આભૂષણ જેવાં કેટલાંક ઉદાહરણો પ્રચલિત છે.

વેરેબલ ડિવાઇસિસની લોકપ્રિયતા અને ઉપયોગિતાથી પ્રેરાઈને નવી નવી વેરેબલ ડિવાઇસિસ બારણે ટકોરા દે છે. કેટલાંક નમૂનારૂપ ઉપકરણો પર નજર નાખીએ. તેમાં છે એપલ ગ્લાસિસ એટલે કે એપલ ચશ્માં. ચશ્માં પહેરનારના ફોનની માહિતી જેવી કે ઈ-મેઇલ, ટેક્સ્ટ, રમત વગેરે તેને ચશ્માં પર દેખાય છે. તેને લીધે એક સાથે બીજાં કામ થાય છે. એ તો સર્વવિદિત છે કે વેરેબલ ડિવાઇસિસને કાર્યાન્વિત કરવા માટે તેમાં બૅટરી સામેલ કરી હોય છે. આ બૅટરીને ચાર્જ કરવા માટે સમયાંતરે ઉપકરણ શરીર પરથી ઉતારીને ચાર્જ કરવા મૂકવું પડે છે. આ કડાકૂટમાંથી મુક્તિ અપાવવા માટે સંશોધન થઈ રહ્યું છે. ભવિષ્યની વેરેબલ ડિવાઇસિસ શરીરની ગરમીથી, શારીરિક હલનચલનથી કે સૌર ઊર્જાથી ચાર્જ થશે તેવી સંભાવના છે. ગૂગલ, મોજો વિઝન, સેમસંગ અને સોની જેવી કંપનીઓ સૉફ્ટ ઇલેક્ટ્રૉનિક સ્માર્ટ કૉન્ટેક્ટ લેન્સ વિકસાવી રહી છે. આ કૉન્ટેક્ટ લેન્સ મોબાઇલ ફોન કે લૅપટૉપ જેવાં સાધનો સાથે જોડી શકાશે. આ રીતે દૃષ્ટિ ક્ષતિ દૂર કરવાની સાથે સાથે તત્સમયની માહિતી પણ મળશે.

'એક નૂર આદમી, હજાર નૂર કપડાં' દર્શાવે છે કે કપડાં માનવીની આભાને હજાર ગણી વધારે છે. જ્યારે કપડાં સાથે બહુવિધ ઉપકરણો વણી લેવામાં આવે ત્યારે કપડાંની છટા હજારો ગણી વધી જાય છે. સ્માર્ટ કપડાં આદમીના નૂરમાં લાખો ગણો વધારો કરે છે. ભવિષ્યમાં કપડાં ખરીદતી વખતે કપડાંના ગુણધર્મોની સાથે સાથે તેમાં સંલગ્ન કરેલા ઉપકરણના ગુણધર્મો ચકાસી લેવા પડશે. આમ ભવિષ્યમાં કપડાં પસંદ કરવાની અને તેને પહેરવાની પ્રક્રિયા સમૂળગી બદલાઈ જશે.

- ચિંતન ભટ્ટ

એકમેવ એકલિંગજી મંદિર

રાજસ્થાનના ઉદયપુર જિલ્લામાં નાગદા ગામ નજીક કૈલાસપુરી ગામ છે. એક સમયે નાગદા મેવાડની રાજધાની હતું. અહીંના સ્થાનિક લોકો નાગદેવતાને શ્રદ્ધાથી - મનથી પૂજતા હતા તેથી એ સ્થળ નાગદા કહેવાયું. અહીં મેવાડ પ્રિન્સલી સ્ટેટ અને રાજવંશના મહારાણાઓ - જેઓ દીવાન તરીકે રાજ કરતા તેમના કુળદેવતા એકલિંગજીનું ભવ્યાતિભવ્ય શિવાલય છે. એક હજાર વર્ષ પહેલાંના પૌરાણિક મંદિરોનું આ સંકુલ વર્તમાનમાં પણ ભાવિકો અને રસિકોને કૈલાસપુરીમાં આકર્ષે છે. ઉદયપુરથી નાથદ્વારા તરફ પહાડી પરથી પસાર થતાં એકવીસ કિમી.ના અંતરે આ શ્રીસ્થળ આવેલું છે. એકલિંગજી સંજ્ઞા ભગવાન શંકરનું ચતુર્મુખ શિવલિંગ ધરાવે છે. એ નાના કિલ્લેબંધ ગામને એકલિંગ ગઢ પણ કહેવાય છે. ગુહિલ સિસોદિયા રાજવીઓ તેમજ મેવાડા બ્રાહ્મણોના એ ઈષ્ટદેવ છે. પ્રસ્તુત શિવલિંગ અપૂજ દશામાં મળી આવેલું તેને બાપા રાવળે આ મંદિરમાં પધરાવ્યું તેની નોંધ પંદરમી સદીમાં લેવાઈ છે. મૂળ મંદિર અને વિગ્રહ(પ્રતિમા)નો દિલ્હી સલ્તનતના આક્રમણકારીઓએ નાશ કરેલો. જૂની વિદ્યમાન મૂર્તિને હમીરસિંહે મંદિરના ગર્ભગૃહમાં પધરાવીને ફરીથી મંદિરનું સમારકામ-નિર્માણ કરાવીને તેમાં વિષ્ણુ મંદિરનો ઉમેરો કર્યો. લાખા રાણાના પુત્ર રાણા મોકલસિંહજીએ અત્યારે ઉપલબ્ધ છે તે શિવાલય બંધાવ્યું. એને લગતા લગભગ સો શ્લોકોયુક્ત (સંસ્કૃતમાં) શિલાલેખ મંદિરની બહારની દીવાલે શોભે છે.

એકલિંગજી મંદિરમાં આકર્ષક મારુ-ગુર્જર સ્થાપત્યશૈલી છે. આખાય સંકુલમાં ૧૦૮ મંદિરો છે, તેની મુલાકાત ફરી ક્યારેક. પરિસરમાં અત્યંત સુંદર કોતરણી - નકશીયુક્ત શિલ્પો અને સ્થાપત્યો છે. મુખ્ય દેવતા એકલિંગજીનું ચતુર્મુખ શિવલિંગમ્ કાળા આરસપહાણમાંથી બન્યું છે. તે શિવલિંગથી જરા હટકે મૂર્તિ સમાન લાગે છે જેની ઊંચાઈ લગભગ પચાસ ફૂટ છે. ચાર મુખ શિવજીનાં ચાર સ્વરૂપો સૂચવે છે. પૂર્વે સૂર્ય, પશ્ચિમે બ્રહ્મા, ઉત્તરે વિષ્ણુ અને દક્ષિણે રુદ્ર બિરાજે છે. ભગવાન રુદ્ર શક્તિશાળીના પણ શક્તિશાળી અવતાર ગણાય છે. એકલિંગજીની પ્રતિમા પર પાર્વતીજીની આકૃતિની સાથે ગણેશજી અને કાર્તિકેયની ઉપસ્થિતિ શિવ પરિવારને પૂર્ણત્વ બક્ષે છે. સર્વોત્તમ - સર્વોપરી દેવ તરીકે અહીં મહાદેવ રાજ કરે છે. મંદિરની દીવાલો મેવાડ રાજાઓના ભવ્ય ભૂતકાળને છતો કરે છે. એ ઈતિહાસ અને આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય છે. રાણા કુંભા પ્રસ્તુત મંદિરના અંતેવાસી ગણાય છે. મેવાડ પ્રદેશમાં શિવજીને એકલિંગની ઓળખ મળી છે. શિવજીનાં પણ ૧૦૮ નામ છે તેમાંનું એક એકલિંગજી. નામ બદલાય - શ્રદ્ધા નહિ. સંસ્કૃતિ, પરંપરા, માન્યતા - પ્રાચીન સમયના લોકોને એમના ભવ્ય ભૂતકાળ અને જીવનના પ્રતિબિંબ સમા ઈશ્વરની ઝાંખી કરાવતા.

હિંદુ પુરાણો મુજબ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ સૃષ્ટિના કર્તાહર્તા છે. એટલે જ રાજસ્થાનમાં એકલિંગજી મંદિરનો મહિમા અપાર છે.

સ્થાપત્યની દૃષ્ટિએ જોઈએ તો ભવ્ય - બે માળનું વિરાટ પિરામિડલ શૈલીનું છાપરું અતિ શોભનીય છે. શિખર પરની નકશી અને કોતરણી એનાં સૌંદર્યમાં વધારો કરે છે. આ પવિત્ર મંદિર લોભામણું છે. બહારની દીવાલો સોપાનો છે જેની ઉપર શિખર પર શિખરની રચના જોવા મળે, જાણે કે નાનાંમોટાં અનેક શિખરોનો મેળો લાગ્યો ન હોય ! દરેકનાં કદ અને સ્થાન અલગ અલગ છતાં લગોલગ ! વળી, પ્રત્યેક રચના ઉપર ભૌમિતિક જાળીદાર, ચડ-ઊતર થતી રેખાઓની વચ્ચેય શિખરોની લઘુઆવૃત્તિ દેખાય. જેમ જેમ ક્રમશઃ શિખરો પગથિયાં ચડતાં દેખાય તેમ તેમ તેનાં કદ મોટાં થતાં જાય. મુખ્ય શિખરે કોતરણી - જાળીયુક્ત કઠેડોય દમામદાર લાગે. અલબત્ત, આમલક વગર શિખર ક્યાંથી સંભવે ? મારુ ગુર્જર શૈલીમાં તો આમલક પણ એકમેક પર શંકુ આકારે ગોઠવાયેલાં દેખાય અને છેલ્લે - કળશ કુંભની સોઈ એટલા માટે હોય કે એમાં ભરેલાં જળનો આપત્તિકાળે ઉપયોગ થઈ શકે !

પર્વતની ટૂક પર અલગ અલગ સોપાને નાનાં નાનાં મંદિરો ઊભાં હોય એવો દેખાવ આપણને કૃતકૃત્ય કરી દે. મંદિરે લઈ જતી કેડીનાંય મોંઘાં મૂલ. લાંબી પરસાળો પાસેથી નીસરી મંદિરપ્રવેશ કરીએ તો નંદીની ચાંદીની પ્રતિમાનાં દર્શન થાય. પુરાણ મુજબ નંદી કૈલાસ પર્વતના દ્વારપાળ ગણાય છે. તદુપરાંત અન્ય બે નંદીઓ પણ કોતરણી સ્વરૂપે હાજરાહજૂર છે. અહીં એક પિત્તળના અને એક શ્યામ પાષાણના મંદિરમાં બિરાજે છે. જ્યારે ચતુર્ભુજ મૂર્તિને મુખ્ય મંદિરના મંડપમાં પધરાવાયેલી છે. અન્ય શિવલિંગોથી અલગ અહીં શિવલિંગ મૂર્તિ સમાન માનપાન પામે છે અને મંદિરમાં અતિ અલંકૃત સ્તંભો, કુંભી, મથોડા, મદલ અને છજા આસ્થા પરિક્રમા અને કળા પરિક્રમા કરવા પ્રેરે. નમન છે એના કલાકારોને જેમણે આ અદ્વિતીય સ્થાપત્યોને શણગાર્યાં છે.

- સુધા ભટ્ટ

આગામી કાર્યક્રમો

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ૬ માર્ચ, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૬-૦૦

'અવાજના જંગલમાં ભટકે કવિ વિનાનું ગાન'

કવિશ્રી અનિલ જોશીનાં ગીતોની પ્રસ્તુતિ કરશે વિભા દેસાઈ, અમર ભટ્ટ અને પ્રહર વોરા

◈ ૧૨ માર્ચ, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦

વિષય : ચિત્રકાર શ્રી છગનભાઈ જાદવનાં ચિત્રોમાં જોવા મળતો દાંડીકૂચનો મિજાજ

વક્તા : શ્રી રિઝવાન કાદરી

માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ ૧૩ માર્ચ, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦

વિષય : ભાષાશુદ્ધિ

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

◈ ૨૭ માર્ચ, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦

વિષય : ભાષાશુદ્ધિ

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

શ્રી ધીરુબહેન પટેલની પુણ્યતિથિએ

◈ ૧૦ માર્ચ, ૨૦૨૫, સોમવાર : સાંજના ૫-૩૦

ધીરુબહેન પટેલની પુણ્યતિથિ નિમિત્તે 'કિચન પોએમ્સ'ની રજૂઆત.

કિચનમાં બેઠા બેઠા, કિચનના કાયદા, ફાયદા, કમઠાણ, કકળાટ, હાસ્ય અને કિલકારીનો અનુભવ કરાવતો, સોલિડ, સોંસરવો, જકડી રાખે તેવો વાચિકમ્‌નો પ્રયોગ આઠ અભિનેત્રીઓ દ્વારા. નેત્રિ, જૈનિ, ભૂમિકા, મેઘા, દેવકી, જ્યોત્સ્ના, અદિતિ, પ્રીતિ દાસ

શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ

◈ ૫ એપ્રિલ, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦

વિષય : ચંદ્રવદન : એક ચીજ અનોખી

વક્તા : શ્રી મહેન્દ્રસિંહ પરમાર

અન્ય

◈ ૧-૨ માર્ચ, ૨૦૨૫, શનિ-રવિવાર : સવારના ૧૦-૦૦

વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ - મુંબઈપ્રેરિત, શ્રી પ્રાણગુરુ જૈન ફિલૉસૉફિકલ ઍન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર - મુંબઈ આયોજિત એક જ્ઞાનસત્ર-પરિસંવાદનું આયોજન તા. ૧ અને ૨ માર્ચ, ૨૦૨૫ના અમદાવાદ ખાતે યોજાનાર છે.

ગુજરાત વિશ્વકોશભવન, ઉસ્માનપુરા, અમદાવાદમાં ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને યોજાનાર આ જ્ઞાનસત્રમાં ક્રાંતિકારી જૈન સંત મુનિશ્રી સંતબાલજીએ કરેલાં ધર્મ, સાહિત્ય અને જનસેવાનાં કાર્યોને કેન્દ્રમાં રાખી વિદ્વાનો શોધપત્રો પ્રસ્તુત કરશે.

શ્રી ગુણવંત બરવાળિયા સંપાદિત 'સેવા અને ધર્મ અનુબંધ વિચાર' ગ્રંથનું વિમોચન શ્રી ગૌરવભાઈ શેઠ કરશે. વિશેષ વક્તવ્ય શ્રી પ્રવીણભાઈ લહેરી અને ડૉ. ભરતભાઈ ભગત આપશે. ડૉ. બિપીન દોશીની સંકલ્પના અને રંગત પ્રોડક્શન નિર્મિત 'સંતબાલજી' ફિલ્મ પ્રસ્તુત થશે.

◈ ૯ માર્ચ, ૨૦૨૫, રવિવાર : સાંજના ૫-૩૦

ઓમ આર્ટ્સ ડાન્સ એકૅડેમી દ્વારા શ્રીમતી સુપ્રભા મિશ્રાની ઓડિસી નૃત્યની પચાસ વર્ષની સફર વિશે ડૉ. સુપ્રભા મિશ્રાનું અભિવાદન અને વક્તવ્ય.

આ પ્રસંગે પૂ. સ્વામી પરમાત્માનંદ સરસ્વતી (શિવાનંદ આશ્રમ), કુમારપાળ દેસાઈ, જોરાવરસિંહ જાદવ, બળવંત જાની, મહેશ્વર સાહુ (આઇ.એ.એસ.), એચ. કે. દાસ (આઇ.એ.એસ.), બંછાનિધિ પાની (આઇ.એ.એસ.) ઉપસ્થિત રહેશે.

શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

માર્ચ મહિનામાં ૨ માર્ચે 'મૂરખને શિખામણ ના અપાય', ૯ માર્ચે 'હોળીનો સાચ્ચો રંગ' અને ૨૩ માર્ચે 'હકો હાથી' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૬ માર્ચે 'બકરી બહેન તો બોલે છે' અને ૩૦ માર્ચે 'મીનુની મોજડી' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.





રતિલાલ બોરીસાગર ભદ્રાયુ વછરાજાની

કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત
'મળી માતૃભાષા મને ગુજરાતી' કાર્યક્રમમાં વક્તવ્ય આપતા વક્તાઓ

કલાસમીક્ષક અને ઈતિહાસકાર ડૉ. એમ. બાલામણિલિખિત 'Woman as Artist'
[1920-2020] Changing Visual Art Themes of Changing Times
પુસ્તકનું વિમોચન કરતાં મહાનુભાવો



'ભારતીયતાની ખોજ કરતા સમાંતર સિનેમાના
લોકપ્રિય દિગ્દર્શક શ્યામ બેનેગલ' વિશે અભિજિત વ્યાસ

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

માતૃભાષા ગુજરાતીનું ગૌરવગાન હવે ઑનલાઈન પર ઉપલબ્ધ

- **ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ એકમાત્ર સચિત્ર વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા)**
- **એક હજાર પૃષ્ઠનો એક એવા છવ્વીસ ગ્રંથોમાં આવેલા ૨૪,૦૦૦થી વધુ લેખો https://gujarativishwakosh.org પર જોઈ શકાશે. દર મહિને પોણા બે લાખથી વધુ લોકો દ્વારા લેવાતી મુલાકાત**
- **૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ઑનલાઇન શબ્દકોશ ગુજરાતી લૅક્સિકન https://gujaratilexicon.com પર જોઈ શકાશે. જેની દર મહિને દોઢ લાખથી વધુ લોકો દ્વારા લેવાતી મુલાકાત**
- **'વિશ્વકોશ તમારે આંગણે' દ્વારા રોજેરોજ વૉટ્સએપ ઉપર પ્રસ્તુત થતી માહિતીપ્રદ અને વિચારપ્રેરક સામગ્રી**
- **વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક 'વિશ્વવિહાર' – ઓડિયો મૅગેઝિન રૂપે ઉપલબ્ધ જેના મૂલ્યવાન લેખો યૂટ્યૂબ ઉપર સાંભળી શકાશે.**
- **વિશ્વકોશમાં યોજાતાં અનેકવિધ પ્રવચનો યૂટ્યૂબ ઉપર પ્રાપ્ત**
- **દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે બાળકોને ગમતી બાળવાર્તા અને બાળગીતની રજૂઆત**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ Gujarat Vishvakosh Trust

9898042699

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪